સુવિચાર

''માણસ બની રહેવા માટે માણસે પોતાની જાત ઉપર ચાંપતી નજર રાખવી જોઈએ.''

:: સૌજન્ય ::

નિલકંઠ જવેલર્સ
(લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨–૨૨૩૫૫૭

પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૩૦/૦૯/૨૦૨૫, મંગળવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com

સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803
Postal Reg.No. AMR/217/2024-26
E-Mail : amreliexpress7@gmail.com

જિલ્લાનાં આમઆદમીનું અખબાર

# અમરેલી એક્સપ્રેસ

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.

તંત્રી,પ્રકાશક,માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એક્સપ્રેસ કાર્યાલયથી પ્રસિધ્ધ કર્યુ. : વિક્રમ સવંત ૨૦૮૧ આસો સુદ–૮ વર્ષ : ૧૬ અંક : ૨૪૬




## અનરાધાર પડેલ વરસાદથી નદીઓ ગાંડીતુર બનતાં સર્વત્ર પાણી પાણી

# અમરેલીનો ઠેબી અને કામનાથ જળાશય છલોછલ

**સમગ્ર પંથકની જનતામાં પાણીનું દ્રશ્ય નિહાળીને ખૂશીનો માહોલ ઉભો થયો**

**આગામી એકથી દોઢ વર્ષ સુધીની પીવાના પાણીની સમસ્યા દૂર થતાં હાશકારો**

**બંને જળાશય ઓવરફ્લો થતાં ભૂગર્ભ જળનાં સ્તર ઊંચા આવી જવાથી પાણીની સમસ્યા દૂર**

**જો કે છેલ્લા એક દાયકાથી સતત વરસાદ પડતા ભૂગર્ભ જળને લઈને કોઈ સમસ્યા ઉભી થતી નથી**



અમરેલી, તા.૨૯

અમરેલીતેમજઉપરવાસનાં વિસ્તારમાં રવિવારે રજાનાં દિવસે મેઘરાજાએ સટાસટી બોલવતાં ગણતરીનીકલાકોમાંજશહેરનાંપાદરમાં આવેલઠેબીજળાશયછલોછલથતાંતેનો દરવાજો ખોલાતા નિચાણમાં કામનાથ મંદિર નજીક બનાવાયેલ કામનાથ જળાશય પણ પાણીથી છલોછલો થતાં નયનરમ્યદ્રશ્યસર્જાયુંહતું.

અમરેલી શહેરમાં પાલિકા દ્વારા દર ૩–૪ દિવસે પીવાનું પાણી વિતરણ વ્યવસ્થાની ઉણપનાં કારણે મળીરહ્યુંછે. પરંતુમેઘરાજામનમુકીને છેલ્લા ૧૦વર્ષથીવરસાદ પાણીઆપતાં હોયછે. જોકેશહેરનોમોટોઠેબીજળાશય અનેચેકડેમ ગણાતો કામનાથ જળાશય પાણીથીછલોછલ થતાં સમગ્ર પંથકનાં ભૂગર્ભજળ ઉંચા આવી જવાથી પાણીની સમસ્યા આગામી એક વર્ષ સુધી જોવા મળશેનહી.

બંને જળાશય ઓવરફ્લો થતાં નિચાણવાળા ફતેપુર, ચાંપાથળ સહિતનાં ગ્રામજનોને નદીનાં પટ્ટમાં અવરજવર ન કરવા તાકીદ કરવામાં આવી છે.

### આજના યુગમાં કોઈ ભુખ્યુ મોતને ભેટે તે બાબત ચિંતાજનક

## બાબરાનાં ઘુઘરાળા ગામે અસ્થિર મગજનાં સગીરનુ ભુખનાં કારણે મોત

**ઘણા દિવસથી ભુખ્યો–તરસ્યો રહેતા નિપજયુ મોત**

અમરેલી, તા. ૨૯

આજે સૌરાષ્ટ્રના અનેક ધાર્મિક સ્થળોમાં રોજના હજારો લોકોને બંનેટાઈમવિનામુલ્યેભોજનપ્રસાદમળે છે. ત્યારે આજની એકવીસમી સદીમાં

અનુસંધાન પાના ૬ ઉપર







### યુવતીનાં પરિવારજનોએ પ્રેમી યુવકને ધોકા વડે માર મારતા

## લાઠીનાં ચભાડિયા ગામે ભાઈને પ્રેમ સંબધ હોય યુવતીનાં પરિવારજનોને સમજાવવા જતાં ભાઈની કરપીણ હત્યા

**મૃતક યુવકનાં ભાઈએ એક મહિલા સહિત ૩ વ્યકિત સામે ફરિયાદ નોંધાવી**

અમરેલી, તા. ૨૯

લાઠી તાલુકાના ચભાડિયા ગામેરહેતાએકયુવકનેતેવાજગામેરહેતી એકયુવતીસાથે છેલ્લા ૪–૫ વર્ષથીપ્રેમ સંબંધહોયતેવાતનુંમનદુઃખરાખીઆજે બપોરના સમયે પ્રેમ સંબંધ રાખનાર યુવાનના ભાઈને યુવતીના પરિવારજનોએ છરી મારી રહેંસી નાંખતા આ બનાવ અંગે દામનગર પોલીસમાં ફરિયાદ નોંધતા પોલીસે આરોપીને ઝડપી પાડવા ધોરણસર કાર્યવાહી હાથ ધરેલ છે. ત્યારે ખોબા જેવડા ગામમાં હત્યાના બનાવથી ભારે સનસનાટી મચી જવા પામેલ છે.

આ બનાવમાં મળતી વિગત મુજબ લાઠી તાલુકાના ચભાડિયા ગામે રહેતા રવિભાઈ રાજુભાઈ બાહોંલીયા નામમાં યુવકને તે જ ગામે રહેતા તુલશીભાઈ ભવાનભાઈ માંડવીયાની

અનુસંધાન પાના ૬ ઉપર

### વાડીએ સુતેલ શ્રમિક ઉપર હુમલો

## બગસરાનાં ખારી ગામે ખેતમજુર પર દીપડાનાં હુમલાથી ચકચાર

બગસરા, તા. ૨૯

બગસરા પંથકમાં સિંહોના આંટા ફેરા બાદ હવે દીપાડાનો આતંક વધતા ખેડૂતોમાં ભઈનો માહોલ ઉભો થયો હતો. ગઈ કાલ રાત્રીના રોજ બગસરાના ખારી ગામના પરપ્રાંતિય

અનુસંધાન પાના ૬ ઉપર



તસ્વીર : સમીર વિરાણી–બગસરા









## ખેડૂતોને યોગ્ય ભાવ મળે અને ગ્રાહકોને રાહત થાય તેવી કોઈ યોજના જ નથી

# શાકભાજીનાં ભાવો ના મળતાં ખેડૂતોની હાલત દયનીય

જગતાત ગણાતાં ખેડૂત કાળી મહેનત કરીને શાકભાજી તૈયાર કરેલ અને બાદમાં ભાવ ન મળે તો ફેંકી દેવા મજબુર

સરકારે શાકભાજીની ટેકાનાં ભાવે ખરીદી કરીને ગ્રાહકોને સસ્તા દરે આપવા યોજના બનાવવી જરૂરી

રાજય અને કેન્દ્ર સરકારનું એક જ કામ હોવું જોઈએ અમીર અને ગરીબ વચ્ચેની ખાઈ દૂર કરવી

ભવિષ્યમાં ખેડૂતો શાકભાજી ઉગાડવાનું બંધ કરશે તો ગ્રાહકો પણ મુશ્કેલીમાં મુકાઈ જશે






તસ્વીર : સમીર વિરાણી–બગસરા

બગસરા, તા. ૨૯

બગસરાતાલુકામાં હાલના દિવસોમાં શાકભાજીના ભાવોને લઈને ખેડૂતોમાંભારેરોષ વ્યાપીરહ્યોછે. ખેડૂતો દ્વારાઉગાડવામાંઆવતા મરચાં, કારેલા, કોબી, રીંગણા સહિતના શાકભાજી બજારમાંલઈજતાહોવાછતાંતેમનેયોગ્ય ભાવ મળતા નથી. ખેતીમાં દિવસ–રાત મહેનત કર્યા બાદ પણ જયારે ઉત્પાદન વેચાણ વખતે ૧૦ થી ૨૫ રૂપિયા પ્રતિ કિલોના ભાવ જ મળે છે ત્યારે ખેડૂતોના દિલમાં નિરાશા છવાઈ ગઈ છે.

સ્થિતિ એવી સર્જાઈ છે કે અનેક ખેડૂતો તેમના ખેતરમાંથી તોડી લાવેલા મરચાં અને કારેલા ગાયોને ખવડાવવાનો પ્રયાસ કરે છે, પરંતુ ગાયો પણ તે ખાવાથી ઈન્કાર કરી દે છે. અંતે ખેડૂતો આ શાકભાજી નદીમાં ફેંકીને પોતાનો આક્રોશ વ્યકત કરી રહ્યા છે. ખેડૂતો જણાવે છે કે ખેતીના ખર્ચા દિવસેને દિવસે વધી રહ્યા છે. બીજ, દવાઓ, ખાતર, મજૂરી બધું મોંઘું છે, પરંતુ તેની સામે શાકભાજી બજારમાં સાવ નેવડાં ભાવમાં વેચવું પડે છે. પરિણામે ખેડૂતોને ભારે આર્થિક નુકસાન સહન કરવું પડે છે.

ખેડૂત રમેશભાઈએ જણાવ્યું કે, "અમે આખી સીઝન મરચાં અને કારેલા ઉગાડવામાં લગાડયો. પરંતુ આજે ભાવ એવા છે કે બજારમાં લઈ જઈએ તો મહેનતાણું પણ પાછું ન આવે. મજબૂરીમાં શાકભાજી નદીઓમાં ફેંકવી પડે છે. અમારી સ્પષ્ટ માંગ છે કે સરકાર શાકભાજીના પણ પોષણક્ષમ ભાવો નક્કી કરે, જેમ અનાજ અને કપાસ માટે થાય છે, નહીં તો ખેડૂતોને ખેતીમાંથી ઉચાટ આવી જશે."

ખેડૂતોના આ રોષથી સ્પષ્ટ થાય છે કે જો હાલની પરિસ્થિતિ યથાવત રહી તો ખેડૂતો શાકભાજી ઉત્પાદન કરતા પાછા હટી જશે અને તેનો સીધો ફટકો સામાન્ય જનતાને પણ ભોગવવો પડશે. હાલ જે પરિસ્થિતિ છે તેમાં ખેડૂતો પોતાના ખર્ચા પણ પૂરાં નથી કરી શકતા.

કુલ મળીને બગસરા સહિત સૌરાષ્ટ્રમાં શાકભાજી ખેડૂતોની હાલત અત્યંત કફોડી છે. સરકાર તરફથી શાકભાજી માટે પણ લઘુત્તમ આધારભૂત ભાવ (એમએસપી) નક્કી થાય અને ખેડૂતોને સાચો ન્યાય મળે તેવી ભાવના ખેડૂતો વારંવાર વ્યકત કરી રહ્યા છે. ખેડૂતોના આ અવાજને જો સમયસર ન સાંભળવામાં આવે તો ખેતી ક્ષેત્રમાં મોટુ સંકટ ઊભુ થવાની શકયતા છે.

---

### ટાઉન પ્લાનિંગનાં અભાવે શહેરીજનો પરેશાન

## અમરેલીનાં ધરમનગરમાં વરસાદી પાણી અને ગટરનાં પાણીનો થયો ભરાવો

**સમગ્ર વિસ્તારમાં કાવદકિચડનો માહોલ**



અમરેલી, તા. ૨૯

અમરેલી શહેરનાં વિકાસ માટે પાલિકાને દર વર્ષે રાજય અને કેન્દ્ર સરકાર તરફથી કરોડો રૂપિયાની સહાય આપવામાં આવી રહી છે. જે રૂપિયાના ખર્ચનુ કોઈ આયોજન ન હોવાથી શહેરીજનોને પુરતી સુવિધા મળતી નથી.

શહેરનાં વિકસિત ધરમનગરમાં તાજેતરમાં પડેલ વરસાદથી પાણીનો ભરાવો થયો. તેમાં ગટરનાં ગંધાતા પાણી ભળી જતાં સ્થાનિકો ગંધાતા પાણીમાંથી ચાલવા મજબુર બન્યા હતા.

શહેરમાં પાણીના નિકાલની યોગ્ય વ્યવસ્થાનો અભાવ હોવાથી દર વર્ષે ચોમાસામાં શહેરનાં મોટાભાગનાં વિસ્તારોમાં પાણીનો ભરાવો થતો હોય કોઈ અનુભવી ટાઉન પ્લાનિંગની ખાસ આવશ્યકતા હોવાનુ સૌ કોઈ માની રહ્યુ છે.

---

### માલધારી ભેંસોનુ ટોળુ લઈને પસાર થતાં હોય

## અમરેલીમાં સાવરકુંડલા ચોકડીએ વીજકરંટથી કિંમતી ભેંસનુ મોત થયુ

**ભેંસના મૃતદેહની નિકાલની વિધિ મધુભાઈ ચાવડાએ કરી**



અમરેલી, તા. ૨૯

અમરેલીમાં સાવકુંડલા ચોકડી નજીક થી ૧૫થી ૨૦ ભેંસોને લઈને પસાર થતાં માલધારી જીવાભાઈની એક ભેંસનુ વીજ કરંટથી મોત થતા પુર્વનગર સેવક મધુભાઈ ચાવડા પહોંચી ગયા અને મૃતક ભેંસનો નિકાલ કરવામાં ઉપયોગી બન્યા હતા.

અમરેલી પંથકમાં કોઈ પશુનુ મોત થાય એટલે પુર્વનગર સેવક અને ભાજપના અગ્રણી મધુભાઈ ચાવડા હંમેશા સક્રીય હોય છે. શહેરમાં કોઈ સ્થળ રખડુ શ્વાન મોત ને ભેટે એટલે તેઓને જાણકારી મળે એટલે તુરત જ તેનો નિકાલ કરીને બદબુથી પરેશાન થતા શહેરીજનો મુકત કરીને ઉમદા કાર્ય કરી રહયા છે.

---

### એસપીની સુચનાથી ક્રાઈમ બ્રાન્ચની કામગીરી

## રાજુલામાં સુરત પોલીસ સ્ટેશનનાં સગીરાનાં અપહરણનાં ગુન્હાનો આરોપી ઝડપાયો

**આરોપીને વરાછા પોલીસ સ્ટેશનને હવાલે કરવા તજવીજ**



અમરેલી, તા. ૨૯

સુરત ગામે વરાછા રોડ ઉપરની એક સોસાયટીમાં રહેતી એક ૧૭ વર્ષિય તરૂણીનું ગત તા. ૧૭/૯ નાં રોજ કોઈ અજાણ્યો ઈસમ અપહરણ કરી લઈ ગયેલ હોય. જે અંગે અજાણ્યા ઈસમ વિરૂધ્ધ સુરત શહેરના વરાછા પોલીસ સ્ટેશનમાં બી.એન.એસ. કલમ ૧૩૭(૨) મુજબ ફરિયાદ તરૂણીની માતાએ નોંધાવેલ હતી.

ત્યારે અમરેલી પોલીસ અધિક્ષક સંજય ખરાતએ અમરેલી જીલ્લા તેમજ બહારના જિલ્લાઓમાં ગુનાઓ આચરી પોતાની કાયદેસરની ધરપકડ ટાળવા માટે થઈ અમરેલી જિલ્લામાં રહેતા આવા ઈસમોને પકડી પાડવા અમરેલી જિલ્લા પોલીસને સુચના આપેલ હતી.

જે અન્વયે અમરેલી એલ.સી.બી. પોલીસ ઈન્સ. વી.એમ. કોલાદરાની રાહબરી હેઠળ અમરેલી એલ.સી. બી. ટીમ રાજુલા ટાઉન વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતી ત્યારે મળેલ બાતમીના આધારે સુરત ગામે વરાછા રોડ ઉપર આવેલ મારૂતિ ચોક, નિલકંઠ સોસાયટીના ત્યાગરાજ એપાર્ટમેન્ટમાં રહેતા કરણ મનુભાઈ ગોહિલ નામના ઈસમને સગીરા સાથે પકડી પાડી અને સઘન પુછપરછ કરતા તેમણે સુરતથી એક સગીરાનું અપહરણ કર્યાની કબુલાત આપી હતી.

જે કબૂલાતના બનવાની ખરાઈ કરતા સુરત શહેરના વરાછા પોલીસ સ્ટેશનમાં સગીરાના અપહરણનો ગુનો દાખલ થયેલ હોવાની હકિકત મળતા આરોપીને પકડી પાડી સુરત શહેરના વરાછા પોલીસ સ્ટેશન હવાલે કરવા તજવીજ કરવામાં આવેલ છે.

---

### પુરવઠા વિભાગે નોટિસ પાઠવી દીધી

## લ્યો બોલો : દામનગરનાં શ્રમિક પરિવારનો અનાજનો જથ્થો બંધ કરવાની નોટિસ

**લાભાર્થી પરિવાર પર આફતનાં વાદળો ઘેરાયા**




તસ્વીર : નટુભાઈ ભાતિયા–દામનગર

દામનગર, તા. ૨૯

દામનગર શહેરના મફત પ્લોટ વિસ્તારમાં રહેતા છૂટક મજૂરી કરી પરિવારનું ગુજરાન ચલાવતા શ્રમિક પરિવાર ને લાઠી અન્ન પુરવઠા કચેરી તરફથી રાષ્ટ્રીય અન્ન સુરક્ષા અધિનિયમ નોટિસ આપી દિન પાંચ ખુલાસો રજૂ કરવા તાકીદ કરાતન શ્રમિક પરિવાર ભારે મૂંઝવણ માં મુકાયો એનએફએસએ હેઠળ વિના મૂલ્યે અન્ન પૂરવઠો મેળવતા લાભાર્થી તરીકે શંકસ્પદ લાભાર્થી તરીકે કાર્ડ ધારકને ખેડૂત ખાતેદાર દર્શાવ્યા જેથી આ પરિવાર ભારે દીર્ઘામાં મુકાયો ચીંથરે હાલ આ શ્રમિક પરિવાર પાસે પોતાની માલિકીનું મકાન ખેતીની જમીન નથી વિના કારણ અન્ન પૂરવઠો બંધ થશે તો શું કરીશું ? આવી ક્ષતિ કેમ થઈ હશે ? આ અંગે આ શ્રમિકના નામે મફત પ્લોટ પણ નથી ખેડૂત ખાતેદાર તો દૂરની વાત છે લાઠી જાહેર વિતરણ વ્યવસ્થા હેઠળની ડેટા એન્ટ્રીમાં આવી ભારે મિસ્ટિક કેમ ? અભણ અતિ ગરીબ ચીંથરે હાલ શ્રમિક પરિવાર વિના કારણે અન્ન પૂરવઠો બંધ થશે તો શું કરીશું તેની ચિંતા સતાવી રહી છે ત્યારે લાઠી અન્ન પુરવઠા કચેરી દ્વારા દીવા ની દાઝે કોડિયા ને બટકું ન ભરાય તે જવા અરજદારે વિનંતી કરી છે કાર્ડ ધારક જીવંત છે તેની પણ લાઈન ખરાઈ કરી પછી અન્ન પૂરવઠો વિતરણ થતો હોય ત્યારે સામાન્ય ગરીબ શ્રમિક ખેડૂત ખાતેદાર ક્યાં થી અને કેવી રીતે બન્યો હશે ? આવી ક્ષતિ થી ગરીબ શ્રમિક મૂંઝવણમાં મુકાયો અન્ન પૂરવઠો બંધ ન થાય તે જોવા તંત્ર એ તસ્દી લેવા અરજદારે વિનંતી કરી છે.

---

## દામનગર : રત્ન કલાકારોનાં સંતાનોની દિવાળી પહેલા શિક્ષણ ફી ભરવા માંગ



દામનગર, તા. ૨૯

દામનગર શહેરી અને ગ્રામ્ય વિસ્તારો માં હીરાઘસુ રત્ન કલાકારો ના સંતાનો ની શિક્ષણ ફી ચૂકવવા સરકાર દ્વારા જેમ્સ એન્ડ જવેલરી ફેડરેશન રાજય ડાયમંડ એશો અને જિલ્લા ડાયમંડ એશો સહિત રત્ન કલાકાર સંઘ સહિતની સંસ્થા દ્વારા ગુજરાત સરકારમાં થયેલ રજુઆત સંદર્ભમાં સરકારે રત્ન કલાકારો ના સંતાનોની શિક્ષણ ફી મેળવવા માટે નિયત નમૂનાઓમાં મંગાવેલ અરજ અહેવાલો જે તે જિલ્લા ઉદ્યોગ કેન્દ્રના ટપાલ દફતરે ઈનવોર્ડ થયેલ દરખાસ્તોમાં રત્ન કલાકારો ના સંતાનો ની શિક્ષણ ફી દિવાળી પહેલા ચૂકવી રત્ન કલાકારોની દિવાળી સુધારો તેવી ગુજરાત સરકાર અને લઘુ અને કુટીર ઉદ્યોગ મંત્રી સહિત સબંધ કરતા વિભાગોમાં રજૂઆતો કરાય તેમ ડાયમંડ એશો.ના પ્રફુલભાઈ નારોલાની યાદી માં જણાવ્યું હતું.

---

આદુ-મરચાથી ભરપુર સ્પે. વાટીદાળના ખમણ
તેમજ સ્પે. નાયલોન ખમણ મળશે
દાનગીગેવ ખમણ હાઉસ
અમરેલીનાં જુનાને જાણીતા (સાનુભાઈ ખમણવાળા)
સ્ટેશન રોડ, પટેલ બોર્ડીંગનાં ગેઈટની પાસે, અમરેલી.
મો. ૯૯૨૫૪ ૨૫૨૩૧ ■ મો. ૯૪૨૮૭ ૯૪૦૪૧

ટ્રસ્ટ, NGO, સ્કૂલ, માટે ખાસ
નવા ટ્રસ્ટ બનાવવા, ચેરીટી કમીશ્નરમાં નોંધણી કરાવવી ઓડીટ કરાવવા, મંદિર, મસ્જિદ, ગૌશાળા, હોસ્ટેલ, સ્કૂલ વગેરેના એકાઉન્ટ કરી આપવામાં આવશે.
ઈન્કમ ટેકસના સર્ટિફીકેટ, 12AB,80G, ઈન્કમ ટેકસના રીટર્ન વગેરે...
જુના બંધ પડેલા ટ્રસ્ટમાં વાર્ષિક હિસાબો, અન્ય રેકર્ડ વગેરે વ્યકિતગત કરી આપવામાં આવશે.
વેપારી એકાઉન્ટ, GST રીટર્ન, પાનકાર્ડ વગેરે કરી આપાવામાં આવશે.
શ્રીનાથજી કોમ્પ્યુટર્સ
૪૦, પહેલા માળે, હિરકબાગ શો. સેન્ટર, માર્કેટયાર્ડ રોડ, અમરેલી
ભરત બી. પારેખ - ૯૪૨૮૩ ૪૦૯૩૪

ભારતમાં સૌથી સારો મેડીકલેઇમ
મેડીકલેઇમ લેતી વખતે જો તમોને
(૧) ડાયાબીટીસ (૨) હાયપર ટેન્શન (B.P.) (૩) અસ્થમા (૪) કોલેસ્ટ્રોલ
જેવી ઉપરની ચાર બીમારી હોય તો તમો અમારો સંપર્ક કરો કારણ કે આ ચારેય બીમારીઓમાં પણ અમારા મેડીકલેઇમમાં ફકત–૩૦ દિવસ પછી સારવારનો ખર્ચ મળશે.
કેશલેશની સગવડ
સંપર્ક : પાર્થ ઇન્વેસ્ટમેન્ટ
જય કોમ્પ્લેક્ષ, ગાંધીબાગ પાસે, અમરેલી.
અશ્વિનભાઇ પંડયા મો. ૯૪૨૬૯ ૬૩૬૧૧ | પાર્થ પંડયા મો. ૮૪૬૦૫ ૫૦૬૬૦

શું તમને સાંભળવાની તકલીફ છે ?
આ દિવાળીમાં આપના વડીલોને આપો કાનના મશીનની અમૂલ્ય ભેટ, જેથી તેઓ ફરીથી સાંભળી શકે આપણી વાત
વડીલો માટે આધુનિક મશીનો વ્યાજબી કિંમતમાં
જર્મની, ડેન્માર્કની કંપનીના મશીન વોરંટી સાથે મળશે.
જૂના મશીન ઉપર EXCHANGE ઓફરની સુવિધા
પેન્શનરો અને તેના આશ્રિતોને મશીનમાં 100% સહાય
કાનના મશીન
કાનની અંદરનું મશીન | કાનની પાછળનું મશીન
અવતાર સ્પીચ અને હિયરીંગ ક્લિનીક
ગોલ્ડન પ્લાઝા, પૂજારા ટેલિકોમની ઉપર, અમરેલી. મો. 72650 63363

નવરાત્રિની શુભકામનાઓ...
FESTIVE - WALI FEELING
ઈલેકટ્રીક સ્કૂટરની બેટરી 32 A.P હાજર સ્ટોકમાં મળશે.
ZELIO
અમરેલી જિલ્લાના એકમાત્ર ડીસ્ટ્રીબ્યુટર
સાંઈબાબા એન્ટરપ્રાઈઝ
વધુ માહિતી માટે સંપર્ક : મનોજ ભટ્ટ (મામા) મો.૯૮૨૫૨ ૨૯૭૯૭
હકીમી ગ્લાસની બાજુમાં, રાજકમલ ચોક, આયુર્વેદ દવાખાના સામે,અમરેલી

## જામનગર નજીક જાણીતા ઉદ્યોગપતિ અનંત અંબાણીની ટીમની પ્રશંસનીય કામગીરી

# અમરેલીની ''બેબો'' નામની ઘોડીનાં બચ્ચાને બચાવવા ''વનતારા''ટીમે ભરપૂર પ્રયાસ કર્યો

**સ્થાનિક કક્ષાએથી ઘોડીનાં બચ્ચાને પ્રાથમિક સારવાર અપાયા બાદ ''વનતારા'' મેનેજમેન્ટનો સંપર્ક કરાયો**

**''વનતારા''ની ટીમે તમામ સારવાર આપવાની ખાત્રી આપીને બચ્ચાને યુધ્ધનાં ધોરણે પહોંચાડવા જણાવ્યું**

**અમરેલીથી માત્ર ૨.૪૫ કલાકમાં બચ્ચાને ''વનતારા''માં પહોંચાડી દેવામાં આવ્યું**

**''વનતારા''ની ટીમે બચ્ચાને વિશ્વકક્ષાની શ્રેષ્ઠ સારવાર આપીને બચાવવા ભરપુર પ્રયાસ કર્યો**



અમરેલી, તા. ૨૯

૨૬ સપ્ટેમ્બર રાતના ૧:૩૦ વાગ્યે બેબો કરીને દેવ સ્ટેલિયનની એક ઘોડી હતી એને બચ્ચું આવેલું હતું. રૈવતરાજ કરીને દૂધવા ગામ રાજસ્થાનમાં જે ઘોડો છે એનાથી બેબો ઘોડી પ્રગનેટ હતી. ૧:૩૦ના રાત્રે આવેલ બચ્ચું એની તબિયત નાદુરસ્ત હતી. માનું દૂધ પી શકે જાતે તેવી એની તંદુરસ્તી હતી નહી અને તે ઊભુ પણ ના થઈ શકયું એના પગ ઉપર સામાન્ય રીતે ૨ કલાકની અંદર કોઈપણ ઘોડાનું બચ્ચું ઊભું થઈ જતું હોય છે. પરંતુ આ બચ્ચું ઊભું ન થયું. આ ગંભીરતાને લઈ ડો. અર્પણ જાનીએ ડો. ગૌરવ ગોસ્વામીને તાત્કાલિક બોલાવ્યા તેઓ આવ્યા અને તેઓએ એક સેવાના અભિગમથી આ બચ્ચાની આખી રાત સારવાર કરી. સારવાર બાદ પણ બીજા દિવસે બચ્ચાની તબિયતમાં સુધારો દેખાયો નહી. આ જોઈને તેના માલિક ડો. અર્પણ જાની ખૂબ દર્દનીય પરિસ્થિતિમાં હતા. તેઓએ આસપાસ તપાસ શરૂ કરી કે સારામાં સારી સારવાર આ બચ્ચાને કયાં મળી શકે. તેઓએ બે ત્રણ તેમના મિત્રોને કોલ કર્યા તેઓએ કહ્યું કે વનતારામાં દુનિયાની સર્વશ્રેષ્ઠ સુવિધા છે. તાત્કાલિક ડો. અર્પણ જાની આ બાબતને લઈ અને વનતારા મેનેજમેન્ટને પ્રયત્ન કર્યો સંપર્ક કરવાનો ફકત ૩ મિનિટ ત્યાનાં મેનેજમેન્ટનો જવાબ આવ્યો અને તેઓએ આ બચ્ચાની સારવાર આપવા માટેની પોતાની મંજૂરી દર્શાવી. અનંતભાઈ અંબાણીએ તાત્કાલિક આ નોબેલ કાર્ય માટે પરવાનગી આપી અને તાત્કાલિક આ બચ્ચાને વનતારામાં લાવવામાં આવે અને જેમ બને એમ બચ્ચાને સાજુ કરવામાં આવે. તેઓએ એર એમ્બ્યુલન્સની વ્યવસ્થા કરવા માટે પણ પ્રયત્ન શરૂ કર્યા પણ અમરેલી નેત્ર ચિકિત્સા ટ્રસ્ટ પાસે એમ્બ્યુલન્સની વ્યવસ્થા હતી આ બચ્ચાને ઓકિસજન અને જરૂરી ઈન્જેકશન અને પાઈન્ટ શરૂ કરી અને તાત્કાલિક આને પોણા ત્રણ કલાકમાં અમરેલીથી વનતારામાં સ્થળાંતર કરવામાં આવ્યું અને એમ્બ્યુલન્સ જયારે જામનગર ક્રોસ કરી ત્યારે વનતારા મેનેજમેન્ટ તરફથી પાઈલોટિનગ માટે એક વિહીકલની વ્યવસ્થા કરવામાં આવી જેથી આ એમ્બ્યુલન્સ વગર કોઈ અડચણ વગર વનતારાની mou બિલ્ડિંગ કે જયાં હોસ્પિટલ બનાવેલ છે ત્યાં પહોંચી ત્યારે તાત્કાલિક તેમના ૫ ડોકટરો અને પેરામેડિકલ સ્ટાફ હાજર હતો અને સ્ટાફે સારવાર યુધ્ધનાં ધોરણે શરૂ કરી. વનતારા એમ્બ્યુલન્સમાં આવેલા તમામ લોકોને સાંત્વના પણ આપી અને તેઓ બે દિવસથી ઉંધ્યા નહોતા આ બચ્ચાની સારવારમાં એટલે તેમના મેનેજમેન્ટએ સારવાર કરી અને તેઓને દિલાસો આપી દરેક વ્યકિતને ભાવપૂર્વક જમાડયા અને પછી ત્યાં વેટિંગ રૂમમાં બેસવા માટેની વ્યવસ્થા કરવામાં આવી અને ટીમ ડોકટર રામનાથ કેલિફોર્નિયા યુનિવર્સિટી તજજ્ઞન છે જેઓએ માસ્ટર ડિગ્રી ત્યાં લીધેલ છે અને આ બાબતમાં ક્રિટિકલ કેરમાં અને બાળકોની સારવારમાં ખૂબ જ નોલેજ ધરાવે છે. તેઓએ ઘણા આવા ફોલ એટલે કે ઘોડાના બચ્ચા વછેરાને નાની ઉંમરમાં ઉભા કર્યા છે. તેઓએ પ્લાસમાં ટ્રીટમેન્ટ શરૂ કરી બાળકને જેનાથી બાળકની અંદર વચ્ચેરાની અંદર એન્ટીબોડી બને અને હાયર એનિટબાયોટિક આપી બાળકને વહેલું ઉભું થાય એ માટેની સારવાર શરૂ કરી. જયારે લઈ ગયા ત્યારે જ અર્ધમૃત હાલતમાં જ વછેરો હતું તેમ છતાં વનતંત્ર ધ્વારા એક વાકય કહેવામાં આવેલું કે WE WORK TILL THERE IS LIVE INA BODY એટલે કે જયાં સુધી જીવન છે ત્યાં સુધી અમે પ્રાણીને બચાવવાનો પૂરો પ્રયત્ન કરીશું. ડો. રામનાથ અને યુનિટ ટીમ આખી રાત જાગી અને ખૂબ જ પ્રયત્ન કર્યો પણ બાળકના ફેફસામાં દૂધનું પ્રમાણ વધારે હોવાના કારણે તેમના અથાગ પ્રયત્ન છતાં તેઓ આ બાળકને બચાવી શકયા નહી. પરંતુ નોબલ ક્રોઝ માટે અનંતભાઈ અંબાણી જે કાર્ય કરી રહ્યાં છે અને ઈન્ડિયાની અંદર પ્રાણીઓ માટેની વર્લ્ડની સારામાં સારી ફેસિલિટી ઉભી કરે છે, એ બદલ આપણે એમને બિરદાવવા જોઈએ અને તેમણે આજે એક સામાન્ય પરિવારની અંદર જન્મેલા વછેરાને સારામાં સારી સારવાર કે જે માણસ માટે મળવી મુશ્કેલ છે એવી સારવાર વનતારાની અંદર પ્રાણીઓને મળી રહે તેવી વ્યવસ્થા તેઓએ ઉભી કરી છે અને તેઓની તજજ્ઞની ટીમને પણ બિરદાવવી જોઈએ. તેઓ આ કામને અને દરેક જીવને ઈમ્પોર્ટન્સ આપે છે પછી એ જીવ કોઈ પણ હોય અને કયાય પર જન્મ્યું હોય. આ કામ માટે સૌ અનંતભાઈ અંબાણીને બિદાવીશું અને ઈશ્વર તેઓને આવા કાર્યો કરવા માટે પ્રેરિત કરતા રહે તેવી પ્રાર્થના પણ કરીશું.


જય માં ગાત્રાડ આઈ એસ્ટેટ બ્રોકર
અમરેલીના કોઈપણ વિસ્તારમાં પ્લોટ-મકાન-દુકાન કે ઓફિસ ભાડે દેવા કે લેવા ખરીદવા કે વેચવા માટે મળો...
અનિલસિંહ જનવાર : Mo.9426831241

શું તમારે દિવાળીમાં ગ્રાહકોને ભેટ આપવા વિચાર્યુ છે ?
તો આજે જ ઘનશ્યામ આર્ટની મુલાકાત લ્યો ...
ત્યાં તમને જોવા મળશે વિવિધ પ્રકારનાં ▪ કેલેન્ડર ▪ ૩૦૦ ઉપરાંત ડીઝાઈનની કિ-ચેઈન ▪ ૩.૫ થી ૫૦ રૂપિયાની પ્રિન્ટ સાથે બોલપેન ▪ મની પર્સ અવનવી વેરાયટી ચેક બુક, ATM કાર્ડ કવર ▪ મોબાઈલ સ્ટેન્ડ ▪ પેપર વેઈટ વગેરે અઢળક વેરાયટી માટે સંપર્ક કરો...
ઘનશ્યામ આર્ટ
કનુભાઈ જોષી Mo.94287 95274 Mo.93285 98100
૭, વંદના શોપિંગ, એસ.ટી.ડેપો, અમરેલી.

૨૦૨૫-૨૬ નું અત્યાધુનિક અલ્ટ્રા મોર્ડન
ફર્નિચરની વિશાળ રેન્જ
લગ્ન પ્રસંગના ફર્નિચરની ખરીદી કરવાનું ઉતમ સ્થળ
સોફા બેડ કબાટ
મિરાં ફર્નિચર
ડાઈનીંગ ટેબલ ટીપોઈ
વિગેરે ફર્નિચરની વિશાળ રેન્જ હાજરમાં મળશે
વિપુલ સોંડાગર ૯૯૨૪૫ ૫૯૨૫૮
ચકકરગઢ રોડ, હિરામોતી ચોક, પટેલવાડી સામે, અમરેલી

Hero
નવરાત્રી પર ઘરે લાવો હીરોની બાઈક
₹15000* સુધીના GST લાભ
Navnit Hero ગોપી ટોકીઝ પાસે, સ્ટેશન રોડ, અમરેલી. Mo. +91 92899 22254

MARUTI SUZUKI ARENA
BREZZA
WICKEDLY POWERFUL
મારૂતિ સુઝુકી ઓથોરાઇઝ્ડ ડીલર
આલ્ફા ઓટોલિંક
સર્વે નં.૧૫૧, ૧૫૨, બાયપાસ રોડ, અમરેલી.
સેલ્સ : 99046 49999 સર્વિસ : 99045 49999

શું તમે હરસ.મસા, ભગંદર અને ફિશર જેવી મળમાર્ગની બિમારીથી પીડાવ છો..?
શરમ સંકોચ છોડો.સહન ન કરો.સારવાર કરાવો
આ ગંભીર બિમારીઓમાંથી છુટકારો મેળવવા આજે જ સંપર્ક કરો
ડો. કાજલ બગડા BAMS,MS.(Ayu.)
કન્સલ્ટન્ટ પ્રોકટોલોજીસ્ટ એન્ડ જનરલ સર્જન
હરસ, મસા, ફિશર અને જટિલ ભગંદરની સારવાર
જટીલ ભગંદરની અત્યંત પ્રચલિત ક્ષારસૂત્રથી સારવાર
રીંગ Rubber Band Ligation થી મસા ના ઓપરેશન
ઈન્જેકશનથી Sclero therapy મસાની સારવાર
નાસુર Pilo nidal sinus ની સારવાર
ચામડીના મસા, ચરબીની ગાંઠ, ગુમડુ, કપાસી
પાચનતંત્રના જુના હઠીલા રોગોની સારવાર
મૂત્રમાર્ગ તથા પિતાશયની પથરીની આયુર્વેદીક સારવાર
7 વર્ષનો અનુભવ 20000+ દર્દીઓની તપાસ 3500+ ઓપરેશન
અમરેલીના સૌ પ્રથમ મહિલા પ્રોકટોલોજીસ્ટ
Shreeji HOSPITAL
સ્થળ : ડો.રાણવાસર હોસ્પિટલ,ભીડભંજન મંદિરની પાસે, લીલીયા રોડ, અમરેલી
Shreeji Hospital Amreli +91 95744 13737 Shreejihospitalamreli@gmail.com

અમરેલીમાં ઈલેકટ્રોનિક્સ ઉપકરણ માટે વિશ્વસનીય સ્થળ
એલઈડી ટીવી,ફ્રીજ, વોશીંગ મશીન, એસી, ઘરઘંટી વિગેરે તદ્દન વ્યાજબી ભાવથી ખરીદવા માટે અને લાઈવ ડેમો જોવા માટે આજે જ પધારો...
LG Haier IFB LLOYD Panasonic DAIKIN HITACHI BLUE STAR SANSUI acer TCL VU Whirlpool BOSCH vivo MITSUBISHI MILCENT ANANDI OPPO
શિવ ઈલેકટ્રોનિક્સ
જુલેલા માલજી સહકારી બેંક સામે, અમરેલી ૯૮૯૮૩ ૨૩૩૫૨

YAMAHA BOOK NOW TO AVOID FESTIVE RUSH
PRICED NOW AT ₹1,45,190 ₹1,33,132
GST BENEFIT ₹12,058* + INSURANCE BENEFIT UP TO ₹6,501*
THANK YOU, GST!
FZS-Fi HYBRID
જીજ્ઞેશ એજન્સી
લાઠી બાયપાસ ચોકડી, યામાહા શો-રૂમ, અમરેલી.
મો. ૭૦૪૮૬ ૮૨૦૦૪ / ૭૦૪૮૭ ૮૨૦૦૪

લોકલ ફોર વોકલ ॥ જય પરશુરામ ॥ સુવિધા સાથે વિવિધતા
મહાજન રીયલ એસ્ટેટ
ઉપલબ્ધ સુવિધાઓ
મિલ્કત લે - વેચ
રેડી પઝેશન
4 BHK
લોનેબલ ટાઈટલ કિલયર
21.9 X 42.8 ગ્રાઉન્ડ એરિયા
૧૭, એન્જલ-૨, લાઠી રોડ, અમરેલી.
નવલ મકવાણા
રેરા એપ્રુવ્ડ રીયલ એસ્ટેટ એજન્ટ
95 86 86 2345
ગ્રાઉન્ડ ફલોર, વ્હાઈટ હાઉસ, એસ.ટી. બસ સ્ટેન્ડ સામે, સ્ટેશન રોડ, અમરેલી - ૩૬૫૬૦૧. (ગુજરાત)

શિવ ફરસાણ (ધારીવાળા)
સ્પે.નાયલોન ખમણ ખમણ હાજરમાં મળશે. ખજુરની ચટણી સાથે
નારણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે,લીલીયા રોડ,અમરેલી.

HONDA
આ તહેવારો મનાવો
પરીખ હોન્ડા સાથે
ડાઉન પેમેન્ટ ₹ 7999/- થી શરૂ
ઓછો વ્યાજદર 7.99%
હાજર ડિલિવરી
તાત્કાલિક લોન
BAJAJ FINSERV
પરીખ હોન્ડા રેલ્વે સ્ટેશનની સામે, સ્ટેશન રોડ, અમરેલી.

### ટીમ ઈન્ડિયાની ટ્રોફી વગર જીતની ઉજવણી

# બીસીસીઆઈએ ટીમ ઈન્ડિયાના ખેલાડીઓ અને સપોર્ટ સ્ટાફ માટે પ્રાઈસ મનીની જાહેરાત કરી

**ભારતીય ખેલાડીઓએ મોહસિન નક્વીના હાથે ટ્રોફી લેવાની ના પાડી દીધી અને આ ડ્રામા લગભગ ૨ કલાક સુધી રહ્યા**

દુબઈ, તા.૨૯

સૂર્યકુમાર યાદવના નેતૃત્વવાળી ટીમ ઈન્ડિયાએ ૨૮ સપ્ટેમ્બરના રોજ રવિવારે રમાયેલી એશિયા કપ ૨૦૨૫ની ફાઈનલ મેચમાં ધૂર વિરોધી પાકિસ્તાનને ૫ વિકેટથી હરાવી દીધુ અને રેકોર્ડ ૯મી વખત એશિયા કપ જીત્યો. રિપોર્ટ્સ મુજબ એશિયા કપની પ્રાઈઝ મની આ વખતે ૨.૬ કરોડ રૂપિયા છે. જે ટીમ ઈન્ડિયાને મળશે. પરંતુ ચર્ચામાં તો બીસીસીઆઈની પ્રાઈઝ મની છે. કારણ કે બીસીસીઆઈએ ટીમ ઈન્ડિયાના ખેલાડીઓ અને સપોર્ટ સ્ટાફ માટે જે પ્રાઈસ મનીની જાહેરાત કરી છે તે એશિયા કપની પ્રાઈઝ મનીથી પણ લગભગ ૧૦ ગણી વધારે છે. બીસીસીઆઈએ એક્સ પર એશિયા કપની પ્રાઈસ મનીની જાહેરાત કરી. આ દરમિયાન તેમણે પાકિસ્તાનને ભરપૂર ટ્રોલ પણ કર્યું.

બીસીસીઆઈએ લખ્યું કે ૩ વાર, ૦ પ્રતિક્રિયા. એશિયા કપ ચેમ્પિયન. સંદેશો પહોંચ્યો. ટીમ અને સહયોગી સ્ટાફ માટે ૨૧ કરોડ રૂપિયાની પુરસ્કાર રકમ. મીડિયા રિપોર્ટ્સ મુજબ ઓપરેશન સિંદૂર વખતે ભારતીય સેના તરફથી જે મેપ દેખાડવામાં આવ્યો હતો તે મુજબ પાકિસ્તાન અને પાકિસ્તાન અધિકૃત કાશ્મીરમાં ૨૧ આતંકી કેમ્પો સિલેક્ટ કરાયા હતા. ટોસ હારીને પહેલા બેટિંગ કરવા ઉતરેલી પાકિસ્તાનની ટીમે ભારત સામે ૧૪૭ રનનો ટાર્ગેટ મૂક્યો હતો. સાહિબજાદા ફરહાને અડધી સદી ફટકારી હતી. પાકિસ્તાનની પહેલી વિકેટ ૮૪ રનના સ્કોર પર પડી ત્યારબાદ ભારતીય સ્પીનરોએ એવી તે ફિરકી ચલાવી કે પાકિસ્તાન ફસાઈ ગયું. કુલદીપ યાદવે સૌથી વધુ ૪ વિકેટ લીધી. જસપ્રીત બુમરાહ, અક્ષર પટેલ અને વરુણ ચક્રવર્તીએ ૨-૨ વિકેટ લીધી.

૧૪૭ રનનો ટાર્ગેટ પણ ભારત માટે એવા સમયે પહાડ જેવો બની ગયો જ્યારે ૨૦ના સ્કોર પર ટીમે અભિષેક શર્મા, સૂર્યકુમાર યાદવ અને શુભમન ગિલની વિકેટ ગુમાવી. ત્યારબાદ તિલક વર્મા, સંજૂ સેમસન અને શિવમ દુબેએ મજબૂત ઈનિંગથી ટીમ ઈન્ડિયાને જીત અપાવી. તિલક ૬૯ રન સાથે છેલ્લે સુધી નોટઆઉટ રહ્યો અને તેને પ્લેયર ઓફ ધ મેચનો એવોર્ડ પણ મળ્યો.

મેચ જીત્યા બાદ ભારતીય ખેલાડીઓએ એસીસીના અધ્યક્ષ મોહસિન નકવીના હાથે ટ્રોફી લેવાની ના પાડી દીધી અને આ ડ્રામા લગભગ ૨ કલાક સુધી રહ્યો. ત્યારબાદ મોહસિન નકવી મેદાન છોડીને જતા રહ્યા અને થોડીવાર બાદ ટ્રોફી પણ ત્યાંથી ગાયબ થઈ ગઈ. બીસીસીઆઈએ પાકિસ્તાન પર એશિયા કપની ટ્રોફી અને મેડલ્સ ચોરવાનો પણ આરોપ લગાવ્યો છે.

જો કે ભારતીય ખેલાડીઓની ઉજવણીમાં કોઈ પણ કમી જોવા મળી નહીં. સૂર્યા બ્રિગેડે ટ્રોફી વગર જ એશિયા કપની જીતની ઉજવણી કરી. ભારતીય ખેલાડીઓએ એક પણ મેચ હાર્યા વગર એશિયા કપ ૨૦૨૫ ટુર્નામેન્ટ જીતી હતી. BCCI એ ટીમ ઈન્ડિયાને આ પ્રદર્શન માટે ઈનામ આપ્યું છે. જ્યારે ભારતીય ખેલાડીઓને ટ્રોફી નહોતી લીધી પરંતુ ટીમ ઈન્ડિયાની જીતની ઉજવણી શાનદાર રહી હતી. ભારતીય કેપ્ટન સૂર્યકુમાર યાદવ સાથે બધા ખેલાડીઓએ ટ્રોફી પકડી રાખવાની એક્ટિંગ કરી અને હવામાં હાથ ઉંચા કરીને વિજયની ઉજવણી કરી. ભારતીય કેપ્ટને સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X પર ટીમના ઉજવણીનો ફોટો પણ શેર કર્યો, જેમાં ટ્રોફીનો ફોટો અલગથી એડિટ કરવામાં આવ્યો હતો.

ફાઈનલ પછીનો એવોર્ડ સમારોહ પણ વિવાદોથી ભરેલો રહ્યો. ભારતીય ખેલાડીઓએ મોહસીન નકવી પાસેથી ટ્રોફી સ્વીકારવાનો સ્પષ્ટ ઈનકાર કર્યો, જેના કારણે નકવીએ ટ્રોફી બહાર મોકલી દીધી હતી.

### લોકોને સાવધ રહેવા સૂચના અપાઈ

# ગીર સોમનાથમાં ભારે વરસાદ બાદ સ્થાનિક નદીઓમાં પૂર આવ્યું

**૨૪ કલાકમાં ઉનામાં ૪ ઈંચથી વધુ વરસાદ વરસ્યો હતો, મછુંદ્રી, રાવલ, શાહી નદીઓના જળસ્તરમાં વધારો**

ગીર-સોમનાથ, તા.૨૯

ગીર સોમનાથ જિલ્લા અને ઉપરવાસ ગીરના જંગલ વિસ્તારમાં વરસી રહેલા અવિરત વરસાદને કારણે જનજીવન પ્રભાવિત થયું છે. ભારે વરસાદને પગલે ગીર જંગલમાં આવેલો હિરણ-૨ ડેમ તેની સંપૂર્ણ સંગ્રહ સપાટીએ ભરાઈ ગયો છે. ડેમમાં પાણીની સતત આવકને નિયંત્રિત કરવા અને ડેમની સુરક્ષાને ધ્યાનમાં રાખીને, તંત્ર દ્વારા ડેમના ૫ દરવાજા ૦.૧૦ મીટર ખોલવામાં આવ્યા છે. જરૂર પડ્યે સુરક્ષિત સ્થળે ખસી જવા માટે પણ તૈયાર રહેવા સૂચના આપવામાં આવી છે. હજુ પણ ભારે વરસાદની આગાહીના કારણે તંત્ર એલર્ટ પર છે.

ડેમમાંથી પાણી છોડવામાં આવતા તેની સીધી અસર વેરાવળની દેવકા નદી પર જોવા મળી છે. નદીમાં પાણીનું સ્તર અચાનક વધી જતાં પૂરની સ્થિતિ સર્જાઈ છે અને નદી બે કાંઠે વહેતી જોવા મળી રહી છે. વહીવટી તંત્ર દ્વારા સમગ્ર પરિસ્થિતિ પર ચાંપતી નજર રાખવામાં આવી રહી છે. હવામાન વિભાગની આગાહી મુજબ, જો ગીરના જંગલ વિસ્તારમાં વરસાદનું જોર યથાવત રહેશે તો ડેમમાંથી વધુ પાણી છોડવાની ફરજ પડી શકે છે. આ સંજોગોમાં, વેરાવળ શહેરના નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાવવાની પ્રબળ આશંકા છે.

આ સ્થિતિને ધ્યાનમાં રાખીને, તંત્ર દ્વારા નદી કિનારાના અને શહેરના અન્ય નીચાણવાળા વિસ્તારોમાં રહેતા લોકોને સાવચેત રહેવા અને સાવચેતીના તમામ પગલાં લેવા માટે અપીલ કરવામાં આવી છે. ગીર સોમનાથ જિલ્લામાં અને ઉપરવાસ ગીરના જંગલોમાં થયેલા અતિ ભારે વરસાદને કારણે નદીઓમાં ઘોડાપૂર આવ્યા છે. સૂત્રાપાડા તાલુકામાં આવેલ સુપ્રસિદ્ધ યાત્રાધામ પ્રાચી તીર્થ ખાતે સરસ્વતી નદીના કિનારે આવેલું ભગવાન માધવરાયનું ઐતિહાસિક મંદિર ફરી એકવાર સંપૂર્ણપણે જળમગ્ન થયું છે.

સૂત્રાપાડા તાલુકામાં છેલ્લા ૨૪ કલાકમાં જિલ્લાનો સૌથી વધુ ૨૦૪ મિલીમીટર (૮ ઈંચ) વરસાદ નોંધાયો છે. આ ધોધમાર વરસાદને કારણે સરસ્વતી નદીમાં ભારે પૂર આવ્યું છે, જેના પાણી સીધા મંદિર પરિસર અને ગર્ભગૃહમાં ફરી વળ્યા છે.

### લોકો ગભરાઈને ઘરમાં સંતાયા તો માથે સંકટ આવ્યું!

# વાવાઝોડાએ નવસારીમાં વિનાશ વેર્યો, ૩૫૦ જેટલા ઘરની છત ઉડી

**નવસારીમાં વાવોઝાડા અને વરસાદથી ચીખલી-વાંસદામાં ભારે નુકસાની સર્જાઈ : ૨૨ ગામોમાં તારાજીના દ્રશ્યો**

નવસારી, તા.૨૯

નવસારીમાં ગત રાત્રે ત્રાટકેલા વાવાઝોડામાં ચીખલી અને વાંસદા તાલુકાના ગામડાઓમાં ભારે તારાજી, ચીખલીના તલાવચોરા ગામે વાવાઝોડા જેવા તોફાની વંટોળને કારણે અનેક ઘરોના પતરા ઉડ્યા, વાવાઝોડામાં ઘરોના પતરા ઉડતા ઘરમાં બાળકો સાથે સુતેલા લોકો જીવ બચાવી ભાગ્યા હતા. વાવાઝોડામાં અનેક લોકોએ ખુલ્લા આકાશમાં રહેવાની નોબત, વાવાઝોડાને કારણે ગામડાઓની સ્થિતિનો તાગ મેળવવા જિલ્લા કલેક્ટર ક્ષિપ્રા આગ્રેએ તલાવચોરા સહિતના ગામડાઓમાં કરી મુલાકાત, ગણદેવીના ધારાસભ્ય નરેશ પટેલ અને જિલ્લા ભાજપ પ્રમુખ ભુરાલાલ શાહ સહિત ભાજપ અગ્રણીઓ પણ તલાવચોરા પહોંચ્યા. કલેક્ટર સાથે પ્રથમ લોકોને છત આપવા સાથે તેમના રહેવા અને ખાવાની વ્યવસ્થા કરવા ધારાસભ્યે ભાર આપ્યો, ગામમાં વીજળી નહીં હોવાથી પ્રથમ લોકોને પીવાનું પાણી મળે એવી માંગ, કલેક્ટર દ્વારા નવસારી મહાનગર પાલિકાની ટીમોને સ્થળ ઉપર ઉતારવાની કરી તૈયારી, લોકોને તાત્કાલિક જરૂરી મદદ મળી રહે એની કલેક્ટરે આપી ખાતરી.

સીણધઈના સ્થાનિક સોમલીબેન કહ્યું કે, નવસારી જિલ્લામાં વરસાદ અને વંટોળ સાથે આવેલા વાવાઝોડાને કારણે ચીખલી તાલુકાના તલાવચોરા ગામે સૌથી વધુ તારાજી સર્જાય હતી. જેમાં પણ તલાવચોરા રાજા ફળિયા, શામળા ફળિયામાં અંદાજે ૧૦૦ થી વધુ ઘરોના પતરા ઉડ્યા હતા. રાતે અચાનક વંટોળમાં વાહનો પણ અટવાયા હતા. વંટોળ અને વરસાદથી બચવા ઘરમાં સૂતેલા પટેલ પરિવાર બાળકો સાથે પોતાનો જીવ બચાવી ઘરમાંથી બહાર નીકળી નજીકના ઘરમાં આસરો લીધો હતો. પરંતુ થોડા સમય માટે વાયેલા વાવાઝોડામાં ઘરના પતરા ઉડી જવાથી ઘરનું ફર્નિચર, અનાજ, ગાદલા, ગોદલા સહિતનો સામાન પલળી જતા પરિવારને ભારે નુકશાન થયુ હતું. જ્યારે ઘરના ૬૦ પતરા ઉડી જતા સામાન્ય પગાર મેળવતો પરિવાર કેવી રીતે ઘરની છત મેળવશે એની ચિંતામાં મુકાયો છે.

અન્ય સ્થાનિક રહેવાસી રમેસભાઈએ કહ્યું કે, નવસારીમાં ગધરાતે આવેલા તોફાની વાવાઝોડાએ વાંસદા તાલુકાના સીણધઈ ગામને તહેસનહેસ કરી નાખ્યું છે. ગત રાતે દસ વાગ્યા આસપાસ અચાનક તોફાની પવનો સાથે ઉઠેલા વંટોળે ગામના લોકોને માથેથી છત છીનવી લીધી છે. તોફાની વાવાઝોડામાં ૧૫૦ થી વધુ ઘરોના પતરા તેમજ નડ્યા ઉડી ગયા. લોકો ગભરાઈને પોતાના ઘરમાં સંતાયા પણ પત્ર અને નળિયા ઉડીને નીચે પડતા કેટલાક લોકો ઘાયલ પણ થયા હતા. થોડી મિનિટો માટે આવેલા વાવાઝોડાય કુદરતનો પ્રકોપ બતાવી દીધો હતો. આખા સીણધઈ ગામમાં તારાજી સરજી દીધી હતી. જોકે વાવાઝોડું શમ્યા બાદ લોકોની સ્થિતિ વિકટ બની હતી. કારણ ગામના તમામ વીજળીના થાંભલાઓ તૂટી પડ્યા હતા, જેના કારણે વીજળી ગુલ થઈ હતી. સાથે જ ઝાડ ઘરો ઉપર પડવાને કારણે દીવાલો પણ તૂટી પડી હતી. વાવાઝોડા સાથે વરસેલા વરસાદ ઘરમાં અનાજ ઢોરનો ચારો સહિત તમામ વસ્તુઓને પલળી દીધી હતી. જેથી લોકોને નુકસાન વેચવાનો વારો આવ્યો હતો. વીજળી નહીં આવતા પાણી પણ ગામમાં મળ્યું ન હતું.

### બાળકોના શિક્ષણ માટે પુરસ્કાર કર્યો સમર્પિત

# પત્રકાર અને પદ્મભૂષણ સન્માનિત રજત શર્માને અપાયું આચાર્ય તુલસી સન્માન

**રજત શર્માએ એક લાખ રૂપિયાના પુરસ્કારને, બાળકોના શિક્ષણ માટે કાર્યરત ઇંડિયા ટીવીના ટ્રસ્ટમાં આપવાની જાહેરાત કરી હતી**

ગાંધીનગર, તા.૨૯

મુખ્યમંત્રીએ તેરાપંથી જૈન સમાજના આચાર્ય શ્રમણજીના દર્શન કરી - આશીર્વાદ મેળવી ધન્યતા અનુભવી હતી. મુખ્યમંત્રીએ સાધુ-સાધ્વી અને શ્રાવક-શ્રવિકાઓને વંદન કરી સૌનું દિલ જીતી લીધું હતું. આ પ્રસંગે રાજયપાલ આચાર્ય દેવવ્રતના હસ્તે ઈન્ડિયા ટીવીના મુખ્ય સંપાદક અને પદ્મભૂષણ રજત શર્માને તેમના સ્વચ્છ, સંયમિત તેમજ સકારાત્મક પત્રકારત્વના યોગદાન માટે ૧૬માં "આચાર્ય તુલસી સન્માન"થી સન્માનિત કરવામાં આવ્યા હતા. રજત શર્માને સન્માન પત્ર, મોમેન્ટો અને એક લાખ રૂપિયાનો પુરસ્કાર આપવામાં આવ્યું હતું. રજત શર્માએ એક લાખ રૂપિયાના પુરસ્કારને, બાળકોના શિક્ષણ માટે કાર્યરત ઈંડિયા ટીવીના ટ્રસ્ટમાં આપવાની જાહેરાત કરી હતી.


રાજયપાલ આચાર્ય દેવવ્રતજીએ જણાવ્યું કે, ભગવાને રચેલા સૃષ્ટિના નિયમોનું ઉલ્લંઘન કરનાર વ્યક્તિ ક્યારેય સુખી નથી થઈ શકતી. કાર્ય અને કારણ વચ્ચે અવિભાજ્ય સંબંધ હોય છે, કારણ વગર કોઈ કાર્ય થતું નથી. તેમણે ભારપૂર્વક જણાવ્યું કે, ભગવાન મહાવીર સ્વામીએ સ્થાપેલી જૈન પરંપરામાં અહિંસા એ મુખ્ય આધારશીલા છે. જ્યાં હિંસા છે ત્યાં દુ:ખ છે, અને જ્યાં અહિંસા છે ત્યાં આનંદ જ આનંદ છે. સત્ય, અહિંસા, સંયમ, અપરિગ્રહ અને અસ્તેયને જીવનમાં સ્થાન આપનારા વ્યક્તિ જ સાચા અર્થમાં શાંતિ અને સુખ અનુભવે છે, જ્યારે આ સિદ્ધાંતોને ત્યજી દેવામાં આવે ત્યારે જીવનમાં દુ:ખોનો આરંભ થાય છે. આ દુનિયાના અવિનાશી સિદ્ધાંતો છે. રાજ્યપાલે વધુમાં જણાવ્યું કે, આપણે આવ્યા એ પહેલા પણ આ દુનિયા હતી અને આપણે ગયા પછી પણ દુનિયા યથાવત્ રહેશે. જે આપણું નથી તેને છોડી દેવું એ જ ઋષિ-મુનિઓની પરંપરા છે. દુનિયામાં કોઈપણ પ્રાણી દુ:ખ ઈચ્છતું નથી, દરેક જીવ માત્ર સુખની ઈચ્છા રાખે છે. પરંતુ અનુકૂળતા અને પ્રતિકૂળતા વચ્ચેના સંઘર્ષથી જ દુ:ખ પેદા થાય છે. અનુકૂળતા સુખનું કારણ છે જ્યારે ઈચ્છા વિરુદ્ધ મળેલું પરિણામ દુ:ખનું કારણ બને છે. આ શાશ્વત સિદ્ધાંતો આપણને ઋષિ-મુનિઓ તથા જૈન સંતોએ આપેલા છે.

તેમણે શાસ્ત્રોક્ત સિદ્ધાંતોનો ઉલ્લેખ કરતાં કહ્યું કે, જે કાર્ય કરતા ભય લાગે, જે કાર્ય કરતા લજ્જા અનુભવાય અને જે કાર્ય કરતા શંકા થાય તેવું કાર્ય કરવું ન જોઈએ. આ જ શાસ્ત્રોનું અમૂલ્ય માર્ગદર્શન છે. આચાર્ય તુલસીએ આવા સિદ્ધાંતોના પ્રચાર-પ્રસાર માટે અવિરત પ્રયત્નો કર્યા હતા અને આજે આચાર્ય મહાશ્રમણજી પણ સમાજહિતનું કાર્ય કરી રહ્યા છે. આ સંતોની પરંપરા એ આપણને વિચારોની અણમોલ પુંજી આપી છે, જેને અપનાવવાથી જીવનમાં સકારાત્મક પરિવર્તન આવે છે.

### સાઉથની અભિનેત્રી ફોર્સ ૩ દ્વારા બોલીવૂડમાં ડેબ્યુ કરશે

# જોન અબ્રાહમ આગામી ફિલ્મમાં મિનાક્ષી ચૌધરી સાથે જોડી જમાવશે

**આ પ્રોજેક્ટનું નવેમ્બર ૨૦૨૫માં શૂટિંગ શરૂ કરવામાં આવશે અને ઓક્ટોબર ૨૦૨૬ સુધી શૂટિંગ પૂરુ કરવાની યોજના છે**



મુંબઈ, તા.૨૯

જોન અબ્રાહમ ફોર્સ ૩ની તૈયારી કરી રહ્યો છે. આ એક પહેલાની બે ફિલ્મોની જેમ એક સુપરહિટ ફિલ્મ બનશે. અભિનેતાઓ પોતાની ફિલ્મ માટે સાઉથની અભિનેત્રી મિનાક્ષી ચૌધરીને સાઈન કરી છે. અભિનેત્રી ફોર્સ ૩ દ્વારા બોલીવૂડમાં ડેબ્યુ કરશે. આ પ્રોજેક્ટનું નવેમ્બર ૨૦૨૫માં શૂટિંગ શરૂ કરવામાં આવશે અને ઓક્ટોબર ૨૦૨૬ સુધી શૂટિંગ પૂરુ કરવાની યોજના છે. અભિનેતા રોહિત શેટ્ટી દિગ્દર્શિત કેશ મારિયાની બાયોપિક પર કામ કરી રહ્યો છે. જે પુરી થતા તરત જ ફોર્સ ૩ની તૈયારી કરશે. એક રિપોર્ટના અનુમાન મુજબ ફોર્સ ૩માં જોન અબ્રાહમની સાથે સાઉથ ઈન્ડસ્ટ્રીની જાણીતી અભિનેત્રી મિનાક્ષી ચૌધરી જોડી બનાવશે અને બોલીવૂડની તેની આ ડેબ્યુ ફિલ્મ બનશે.રિપોર્ટમાં વધુ જણાવામાં આવ્યું હતું કે જોન અબ્રાહમે ઘણી અભિનેત્રીઓના ઓડિશન લીધા પછી મિનાક્ષીને પસંદ કરી છે. ફિલ્મમાં અભિનેત્રીની ભૂમિકા તેમની માફક એક્શન બેસ્ડ હશે, આના માટે તેને વિશેષ તાલીમ લેવી પડશે. ફોર્સ ૩ને એક 'સોફ્ટ રીબૂટ'ની માફક તૈયાર કરવામાં આવી રહી છે. એટલે કે ફિલ્મની વાર્તામાં નવું ટ્વિસ્ટ અને નવી શરૂઆત હશે. જો કે ફ્રેન્ચાઈઝીમાં પહેલી બે ફિલ્મોની માફક એક્શન અને રોમાંચની ફ્લેવર બરાબર હશે. આ ફિલ્મ પાવર-પેક એક્શન, રોમાંચક સ્ટોરી લાઈનથી દર્શકોનું મનોરંજન કરશે.જોન અબ્રાહમની ફોર્સ ૩ને ૨૦૨૬માં છ મહિનામાં રીલીઝ કરવાની યોજના છે.

### તિલક વર્માની જોરદાર લડાયક અડધી સદી

# એશિયા કપમાં પાકિસ્તાન સામે ભારતનું વર્ચસ્વ કાયમ રહ્યું

**દુબઈ ઇન્ટરનેશનલ ક્રિકેટ ગ્રાઉન્ડ ખાતે રમાયેલી ફાઇનલમાં પ્રથમ બેટિંગ કરતાં પાકિસ્તાન તેની ૨૦ ઓવર પૂરી કરી શક્યું ન હતું**

દુબઈ, તા.૨૯

ડાબેરી બેટર તિલક વર્માએ શાનદાર બેટિંગ કરીને અડધી સદી ફટકારતાં ભારતે એશિયા કપ ટી૨૦ ક્રિકેટ ટુર્નામેન્ટની ફાઈનલમાં પાકિસ્તાન સામે જોરદાર લડત આપીને ભારતને પાંચ વિકેટે રોમાંચક વિજય અપાવ્યો હતો. ભારત એક સમયે નબળી સ્થિતિમાં આવી ગયું હતું પરંતુ તિલક વર્માએ છેક સુધી હિંમત હાર્યા વિના બેટિંગ કરી હતી. આ સાથે એશિયા કપ ટી૨૦ ક્રિકેટ ટુર્નામેન્ટમાં ભારતે પોતાના આ કટ્ટર હરીફ સામે વર્ચસ્વ કાયમ રાખ્યું હતું. પાકિસ્તાનને આ ટુર્નામેન્ટમાં સળંગ ત્રીજા રવિવારે ભારત સામે પરાજયનો સામનો કરવો પડ્યો હતો. આમ આ ટુર્નામેન્ટમાં પાકિસ્તાન સામે ભારતે વિજયની હેટ્રિક નોંધાવી હતી.અહીંના દુબઈ ઈન્ટરનેશનલ ક્રિકેટ ગ્રાઉન્ડ ખાતે રમાયેલી ફાઈનલમાં પ્રથમ બેટિંગ કરતાં પાકિસ્તાન તેની ૨૦ ઓવર પૂરી કરી શક્યું ન હતું અને ૧૯.૧ ઓવરમાં ૧૪૬ રનના સ્કોરે ઓલઆઉટ થઈ ગયું હતું જેના જવાબમાં ભારતે ૧૯.૪ ઓવરમાં પાંચ વિકેટે ૧૫૦ રન કર્યા હતા. તિલક વર્મા ૫૩ બોલમાં ચાર સિક્સર સાથે ૬૯ રન ફટકારીને અણનમ રહ્યો હતો.મેચ જીતવા માટે ૧૪૭ રનના ટારગેટ સામે રમતાં ભારતે પણ કંગાળ પ્રારંભ કર્યો હતો. જે રીતે પાકિસ્તાને અંતમાં વિકેટો ગુમાવી હતી તે રીતે ભારતે શરૂઆતમાં વિકેટો ગુમાવી હતી. ટુર્નામેન્ટના સર્વશ્રેષ્ઠ બેટર અભિષેક શર્માનું નુકસાન ભારતને ભારે પડ્યું હતું તે બીજી ઓવરના પહેલા બોલે ફહીમ અશરફના બોલે આઉટ થઈ ગયો હતો તો શુભમન ગિલ ૧૨ અને કેપ્ટન સૂર્યકુમાર યાદવે માત્ર એક રન કરીને આઉટ થઈ જતાં ભારતે ચોથી ઓવરના અંતે ૨૦ રનમાં ત્રણ વિકેટ ગુમાવી દીધી હતી. તિલક વર્મા અને સંજુ સેમસને સ્કોર ૭૭ સુદી પહોંચાડ્યો ત્યારે સેમસન મક્કમ રીતે રમી રહ્યો હતો પરંતુ પ્રતિભાશાળી સ્પિનર અબરાર અહેમદે તેને આઉટ કરી દીધો હતો. સંજુએ ૨૧ બોલમાં ૨૪ રન ફટકાર્યા હતા.તિલક વર્મા અને શિવમ દૂબેએ શાનદાર લડત આપીને ટીમનો સ્કોર ૭૭થી ૧૩૭ સુધી પહોંચાડ્યો હતો. ૧૯મી ઓવરના છેલ્લા બોલે શિવમ દૂબે ૨૨ બોલમાં બે સિક્સર સાથે ૩૩ રન ફટકારીને આઉટ થયો હતો. તે સમયે ભારતને જીતવા માટે દસ રનની જરૂર હતી. અગાઉ ભારતે ટોસ જીતીને પાકિસ્તાનને પ્રથમ બેટિંગ કરવાનું આમંત્રણ આપ્યું હતું. જે રીતે સાહિબજાદા ફરહાન અને ફખર ઝમાને પાકિસ્તાન માટે ઝડપી પ્રારંભ કર્યો હતો તે જોતાં સૂર્યકુમારનો આ નિર્ણય યોગ્ય જણાતો ન હતો. પાકિસ્તાની ઓપનિંગ જોડીએ દસમી ઓવર સુધીમાં જ ૮૪ રન ફટકારી દીધા હતા.ફરહાન વધારે આક્રમક હતો. તેણે માત્ર ૩૮ બોલમાં ૫૭ રન ફટકારી દીધા હતા જેમાં ત્રણ સિક્સર ઉપરાંત પાંચ ચોગ્ગાનો સમાવેશ થતો હતો. ફખર ઝમાને પણ એવી જ આક્રમક બેટિંગ કરી હતી. તેણે ૩૫ બોલમાં સિક્સર સાથે ૪૬ રન ફટકાર્યા હતા.જોકે ૧૩મી ઓવરમાં પાકિસ્તાનનો સ્કોર ૧૧૩ હતો ત્યારે ભારતીય સ્પિનર અને ખાસ કરીને કુલદીપ યાદવે વળતો પ્રહાર કર્યો હતો. તેને અક્ષર પટેલ અને વરુણ ચક્રવર્તીનો સહકાર સાંપડ્યો હતો. આ ત્રણેય સ્પિનરે હરીફ ટીમની બેટિંગ હરોળ તોડી નાખી હતી. ફરહાનના ૫૭ અને ઝમાનના ૪૬ રન બાદ એકમાત્ર સઈમ ઐયુબ એવો બેટર હતો જે ડબલ ફિગર સુધી પહોંચી શક્યો હોય. આ સિવાય ચોથા ક્રમથી ૧૧મા ક્રમ સુધીનો એકેય બેટર ડબલ ફિગર સુધી પહોંચી શક્યો ન હતો.

### ૧૧૮૦૦થી વધુ લોકોને સુરક્ષિત સ્થળોએ ખસેડાયા

# મહારાષ્ટ્રમાં વરસાદનો કહેર જારી : ૧૦ લોકોના મોત

**ગોદાવરી નદી પર બનેલા જયકવાડી ડેમમાં પાણીનું સ્તર વધ્યું છે, જેના કારણે તેના દરવાજા ખોલવાની ફરજ પડી**

મુંબઈ, તા.૨૯

મહારાષ્ટ્ર, ગુજરાત સહિત અન્ય રાજ્યોમાં ફરી વરસાદે માઝા મૂકી છે. મહારાષ્ટ્રમાં પણ છેલ્લા ૨૪ કલાકથી વરસી રહેલા વરસાદમાં દસ લોકોના મોત થયા છે. અધિકારીઓએ રવિવારે જણાવ્યું હતું કે ભારે વરસાદના કારણે રાજ્યના વિવિધ ભાગોમાંથી ૧૧,૮૦૦થી વધુ લોકોને સુરક્ષિત સ્થળે સ્થળાંતરિત કરવામાં આવ્યા છે. રાજ્ય આપત્તિ વ્યવસ્થાપન વિભાગના અધિકારીઓના જણાવ્યા અનુસાર, નાસિક જિલ્લામાં વરસાદ સંબંધિત ઘટનાઓમાં ચાર લોકોના મોત થયા છે, જેમાંથી ત્રણનું મૃત્યુ ઘર ધરાશાયી થતાં થયું છે, ધારાશિવ અને અહિલ્યાનગરમાં બે-બે અને જાલના અને યવતમાલમાં એક-એક વ્યક્તિનું મોત થયું છે.

મરાઠાવાડા ક્ષેત્રમાં ગોદાવરી નદી પર બનેલા જયકવાડી ડેમમાં પાણીનું સ્તર વધ્યું છે, જેના કારણે તેના તમામ દરવાજા ખોલવાની ફરજ પડી હતી. પરિણામે નીચાણવાળા વિસ્તારમાં પૂરની સ્થિતિ સર્જાઈ છે. જિલ્લાના હરસુલ વિસ્તારમાં છેલ્લા ૨૪ કલાકમાં ૧૯૬ મીમી વરસાદ નોંધાયો છે. બીડ, નાંદેડ અને પરભણી સહિત મરાઠવાડા ક્ષેત્રના અન્ય જિલ્લાઓમાં પણ ભારે વરસાદ પડ્યો છે. ગોદાવરી નદીના ઉપરના ભાગમાં આવેલા નાસિકમાં ભારે વરસાદ પડી રહ્યો છે. હવામાન વિભાગે સોમવારે રેડ એલર્ટ જારી કર્યું હતું, જેમાં જિલ્લામાં ભારેથી અતિ ભારે વરસાદની આગાહી કરવામાં આવી હતી.

મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસે રવિવારે પૂરની સ્થિતિની વિગતવાર સમીક્ષા કરી અને વહીવટીતંત્રને મરાઠવાડા ક્ષેત્રમાં ચાલી રહેલા ભારે વરસાદ વચ્ચે નાગરિકોની સલામતી સુનિશ્ચિત કરતી વખતે રાહત અને બચાવ કામગીરી ઝડપી બનાવવા નિર્દેશ આપ્યો છે. છત્રપતિ સંભાજીનગર, બીડ, હિંગોલી, જાલના, લાતૂર, નાંદેડ, ધારાશિવ, પરભણી અને સોલાપુર જિલ્લાના કલેક્ટરોએ બેઠકમાં હાજરી આપી હતી. નાયબ મુખ્યમંત્રી એકનાથ શિંદેએ પણ રાજ્યના અનેક ભાગોમાં પૂરની સ્થિતિની સમીક્ષા કરી હતી.શનિવાર રાતથી મુંબઈમાં ભારે વરસાદ પડી રહ્યો છે. બૃહદ મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશન (BMC)ના જણાવ્યા અનુસાર રવિવારે ભારે વરસાદ પડ્યો હતો, કેટલાક વિસ્તારોમાં સવારે ૮ વાગ્યાથી બપોરે ૧ વાગ્યા સુધી ૫૦ મીમીથી વધુ વરસાદ નોંધાયો હતો. થાણે અને પાલઘર જિલ્લામાં પણ છેલ્લા ૨૪ કલાકમાં ભારે વરસાદ નોંધાયો હતો.

### ટેરિફ મુદ્દે અમેરિકાને અબજોનું નુકસાન

# ડોનાલ્ડ ટ્રમ્પની દાદાગીરી સામે ડ્રેગને બાંયો ચડાવી

**ચીને આયાત અટકાવી દીધી હોવાના કારણે અમેરિકામાં સોયાબીનનું ઉત્પાદન કરતા ખેડૂતો મુશ્કેલીમાં મુકાયા છે**

બેઈજીંગ, તા.૨૯

અમેરિકાના પ્રમુખ ડોનાન્ડ ટ્રમ્પની 'ટેરિફ દાદાગીરી'નો ચીને જડબાતોડ જવાબ આપ્યો છે. ટ્રમ્પે ચીન પર ટેરિફ ઝિંક્યો હતો, જેના જવાબમાં ચીને અનેક અમેરિકન ઉત્પાદનની આયાત અટકાવી દીધી હતી, જેના કારણે હવે તે ઉત્પાદનને લાગતી-વળગતી કંપનીઓ ભારે મુશ્કેલીનો સામનો કરી રહી છે.

ચીન સૌથી વધુ અમેરિકા પાસેથી સોયાબીન આયાત કરી છે, તેથી ચીનના વળતા જવાબની સૌથી વધુ અસર સોયાબીન સેક્ટર પર પડી છે. જ્યારે ટ્રમ્પે ચીન પર ટેરિપ ઝિંક્યો હતો, ત્યારે ચીને તાત્કાલીક સોયાબીન પર ૩૪ ટકા ટેરિફ લગાવી દીધો હતો. એટલું જ નહીં ચીને તેની ખરીદી પણ બંધ કરી નાખી હતી.મીડિયા રિપોર્ટ મુજબ, ચીને આયાત અટકાવી દીધી હોવાના કારણે અમેરિકામાં સોયાબીનનું ઉત્પાદન કરતા ખેડૂતો મુશ્કેલીમાં મુકાઈ ગયા છે. સોયાબીનનો જથ્થો આગળ ન જતા ખેડૂતો હાલ આર્થિક સંકટનો સામનો કરી રહ્યા છે. રિપોર્ટ મુજબ, અમેરિકાએ ૨૦૨૪માં કુલ ૨૪.૫ અબજ ડૉલરની સોયાબીનની નિકાસ કરી હતી, જેમાંથી અડધો અડદ એટલે કે ૧૨.૫ અબજ ડૉલરનું ઉત્પાદન એકલા ચીને ખરીદ્યું હતું. જોકે આ વર્ષે ચીને અમેરિકા પાસેથી સોયાબીનની ખરીદી સંપૂર્ણ ટાળી દીધી છે, જેના કારણે અમેરિકન ખેડૂતો કરોડો રૂપિયાના નુકસાનનો સામનો કરી રહ્યા છે. અમેરિકન સોયાબીન એક્સપોર્ટ કાઉન્સિલના સીઈઓએ કહ્યું કે, 'આયાત બંધ થવાના કારણે ખેડૂતો આર્થિક સંકટનો સામનો કરી રહ્યા છે. ખેડૂતો સોયાબીનના પાકને લઈન ચિંતિત છે, કારણ કે પાક કાપવાનો સમય નજીક આવી ગયો છે. સોયાબીનના વેપાર માટે બંને દેશો વચ્ચે અનેક વખત બેઠક યોજાઈ છે, જોકે તેનું કોઈ નિવેડો આવ્યો નથી.' ટ્રમ્પે થોડા દિવસ પહેલા કહ્યું હતું કે, ચીન સાથે સોયાબીન મુદ્દે સમજૂતી નહીં થાય તો તેઓ ખેડૂતોને રાહત પેકેજ આપી શકે છે. તો ખેડૂતોએ કહ્યું છે કે, રાહત પેકેજના કારણે માત્ર થોડો સમય જ ઉકેલ આવી શકે છે, તેનાથી કાયમી ઉકેલ નહીં આવે. મીડિયા રિપોર્ટ મુજબ, ચીન શરત મૂકી છે કે, અમેરિકા અયોગ્ય ટેરિફ હટાવશે, પછી જ સોયાબીનની ખરીદી પર વિચારણા કરશે. ટ્રમ્પના ટેરિફ એટેક માત્ર ચીને સોયાબીન સહિત જુવાર, મકાઈ, કપાસ અને દરિયાઈ ખોરાક પર પણ વળતો ટેરિફ ઝિંક્યો છે.

### મિડલ ક્લાસને સરપ્રાઈઝ આપશે RBI?

# રિઝર્વ બેન્ક ઓફ ઈન્ડિયાની બેઠક શરૂ થઈ

**અમુક નિષ્ણાતોનું માનવું છે કે, અમેરિકા ટેરિફ અને મોંઘવારીના નીચા દરને ધ્યાનમાં રાખતાં રેપો રેટ યથાવત રાખી શકે છે**

નવી દિલ્હી, તા.૨૯

રિઝર્વ બેન્ક ઓફ ઈન્ડિયા (RBI)ની બેઠક આજથી શરૂ થઈ ગઈ છે. આ બેઠકમાં આરબીઆઈ રેપો રેટમાં સુધારા સહિત અનેક નાણાકીય મુદ્દાઓ પર નિર્ણય જાહેર કરશે. આ જાહેરાત ૧ ઓક્ટોબરના રોજ થશે. અગાઉ ગત એમપીસી બેઠકમાં રેપો રેટમાં ૫.૫૦ ટકા પર જાળવી રાખ્યો હતો.

આ વખતે રેપો રેટ મુદ્દે નિષ્ણાતો બે મત છે. અમુક નિષ્ણાતોનું માનવું છે કે, અમેરિકા ટેરિફ અને મોંઘવારીના નીચા દરને ધ્યાનમાં રાખતાં રેપો રેટ યથાવત રાખી શકે છે. જ્યારે અમુકે વ્યાજના દરોમાં ઘટાડાની શક્યતા દર્શાવી છે. હાલ રેપો રેટ ૫.૫૦ ટકા છે. આ વર્ષની શરૂઆતથી અત્યારસુધી આરબીઆઈએ તેમાં ૧ ટકાનો ઘટાડો કર્યો છે. જેમાં ફેબ્રુઆરીમાં ૦.૨૫ ટકા, એપ્રિલમાં ૦.૨૫ ટકા, અને જૂનમાં ૦.૫૦ ટકાનો ઘટાડો કર્યો હતો.

આઈડીએફસી ફર્સ્ટ બેંકના રિપોર્ટ અનુસાર, આરબીઆઈ દ્વારા રેપો રેટ યથાવત રાખવાની અપેક્ષા છે. જેની પાછળનું કારણ ફુગાવામાં ઘટાડો તેમજ જીએસટીમાં સુધારાથી માગ પર સકારાત્મક અસર છે. ાણાકીય વર્ષના પ્રથમ છ માસમાં અપેક્ષા કરતાં વધુ જીડીપી ગ્રોથ નોંધાયો છે. જ્યારે એસબીઆઈ રિપોર્ટ અનુસાર, ભારત-અમેરિકા વેપાર મંત્રણાની અટકી પડેલી વાતો વચ્ચે જીએસટી સુધારાએ માગ અને વપરાશને વેગ આપ્યો છે. જીએસટીમાં સુધારાથી ફુગાવો ૨૦૦૪ બાદ તેના ઐતિહાસિક તળિયે નોંધાવાની શક્યતા છે. જેથી વ્યાજદરોમાં ઘટાડો આરબીઆઈ માટે સારો વિકલ્પ છે. આરબીઆઈએ ઓગસ્ટની બેઠકમાં વ્યાજના દ ૫.૫૦ ટકા જાળવી રાખ્યા હતાં.

સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા (SBI) ના ગ્રુપ ચીફ ઈકોનોમિક એડવાઈઝર ડૉ. સૌમ્ય કાંતિ ઘોષના જણાવ્યા અનુસાર, અમારું માનવું છે કે CPI ફુગાવો હજુ તળિયે પહોંચ્યો નથી, અને GST સુધારાથી ૬૫-૭૫ બેસિસ પોઈન્ટનો વધુ ઘટાડો થઈ શકે છે. FY27 માં પણ ફુગાવો નરમ રહેશે અને GST કાપ વિના તે સપ્ટેમ્બર અને ઓક્ટોબરમાં ૨ ટકાથી નીચે નોંધાયો હતો. FY27માં ફુગાવો ૪ ટકા અથવા તેનાથી નીચે રહેશે. જીએસટીમાં સુધારાના પગલે ઓક્ટોબરમાં ફુગાવો ૧.૧ ટકાની આસપાસ રહી શકે છે, જે ૨૦૦૪ પછીનો સૌથી નીચું સ્તર છે.

# બગસરામાં સૌરાષ્ટ્ર નાગરિક શરાફી સહકારી મંડળીના નૂતન બિલ્ડિંગનું લોકાર્પણ કરવામાં આવ્યું








તસ્વીર : સમીર વિરાણી–બગસરા

બગસરામાં સૌરાષ્ટ્ર નાગરિક શરાફી સહકારી મંડળીના નૂતન બિલ્ડીંગનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું. સાથોસાથ સાધારણ સભાનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. આ લોકાર્પણમાં અમરેલી જિલ્લાના સાંસદ ભરતભાઈ સુતરીયા તેમજ નાયબ મુખ્ય દંડક કૌશિકભાઈ વેકરીયા તેમજ અનેક સામાજિક સંસ્થાના ચેરમેન તેમજ સામાજિક આગેવાનો અનેક મહાનુભાવોએ આ કાર્યક્રમમાં હાજરી આપી હતી. તેમજ આં મંડળીના ચેરમેન અનિલભાઈ વેકરીયાએ તમામ મહેમાનોનું સ્વાગત કર્યું હતું તેમજ આ વર્ષે તમામ સભાસદોને ૧૦ ટાકા ડિવિડન્ડ આપવાની પણ જાહેરાત કરી હતી. જયારે આ સાધારણા સભામાં બહોળી સંખ્યામાં લોકોએ હાજરી આપી હતી. તેમજ સમગ્ર કાર્યક્રમના અંતે તમામ સભાસદોને ભોજન પણ કરાવવામાં આવ્યું હતું.

### વરસાદી માહોલ અને ભારે પવન હોવાથી

## જાફરાબાદ બંદરે માચ્છીમારોની સાવચેતી માટે 3 નંબરનું સિગ્નલ લગાવી દેવાયુ

### મધ દરિયે માચ્છીમારી માટે ગયેલ બોટને પરત બોલાવી

જાફરાબાદ, તા. ૨૯

જાફરાબાદ મેરી ટાઈમ બોર્ડની વડી કચેરી ગાંધીનગર કટ્રોલ રૂમ દ્વારા તા. ૨૮/૯/૨૦૨૫ ના રોજ સમય ૩:૨૩ ના સમય ઈમેલ મારફતે મળેલી સુચના મુજબ કચેરી ખાતે અને હેડ લાઈટ હાઉસ કીપર લાઈટ હાઉસ ખાતે ૩ નં. સિગ્નલ લગાડવામાં આવ્યું છે. જિલ્લામાં વર્તાઇ રહેલા વરસાદી કહેર વચ્ચે હજુ પણ વધારે વરસાદની તથા ૪૦ થી ૫૦ ની ઝડપથી પવન ફૂંકાય તેવી શકયતા હોય. ત્યારે બંદર પર ત્રણ નંબરનું સિગ્નલ લગાવવામાં આવ્યું છે. તા. ૨૭/૯/૨૦૨૫ થી વરસાદ વરસી રહ્યો હોય. આકાશમાં કાળા ડીબાંગ વાદળો ઘેરાયા હોય ધીમી ધારે વરસાદ વરસી રહ્યો છે. આ વરસાદના કારણે ખેતી ખેડૂતોના પાકને પણ ભારે નુકસાન વેઠવું પડયું હોય. તો બીજી બાજુ દરિયો ખેડતા સાગરખેડૂ ને પણ કરોડોનું નુકસાન વેઠવું પડયું છે. સાતમા નોરતે ખેલૈયાઓ પણ મુંઝવણમાં મુકાયા ઠેકઠેકાણે પાણી ભરાઈ ગયા હોય. રાત્રીના ગરબા રમવા જતા ખેલૈયાઓને વરસાદનું વિઘન નડયુ છે. કારણે ગરબાની મોજ માણી શકાય તેમનથી હવામાન વિભાગની આગાહી અનુસાર ગાજવીજ સાથે હળવાથી મધ્યમ વરસાદ વરસી રહ્યો હોય મેરીટાઈમ બોર્ડ ગાંધીનગરની વડી કચેરી દ્વારા ઈમેલ મારફતે સુચના તથા તંત્રમાં તમામ વિભાગોને પણ જાણ કરવામાં આવી છે. અને મધદરિયે માછીમારી કરતી બોટોને પણ પરત બોલાવી લેવા મદદનીશ મત્સ્યોદ્યોગ



નિયમક કચેરી દ્વારા પણ સુચના તથા આદેશ આપવામાં આવ્યા છે.

હાલમાં બોટો પરત આવતી હોય કારણ કે મધદરિયે ભારે પવનના સુસવાટા અને દરિયો ગાંડોતૂર બન્યો હોય મસમોટા મોજાં ઓ તથા ગાજવીજ અને કડાકા ભડાકા સાથે ધોધમાર વરસાદ સાથે પવનની ગતિ વધતી જતી હોય અને દરિયામાં કરડ હોવાથી મસમોટા મોજાં ઉછાળતા જોવા મળી રહ્યાં હોય આથી મદદનીશ મત્સ્યોદ્યોગ કચેરી દ્વારા અમરેલી જિલ્લા તળેના તમામ માછીમાર બોટ એસો. પ્રમુખ, સમાજના આગેવાન, સહકારી મંડળીના પ્રમુખ તથા તમામ બોટ માલિકોને જણાવવામાં આવેલ છે કે હવામાન વિભાગની તા. ૨૮/૯/૨૦૨૫ ના બુલેટિનમાં જણાવ્યા અનુસાર તા. ૨/૧૦/૨૦૨૫ સુધી ૫ દિવસ હવામાન ખરાબ તથા ભારે પવન સાથે વરસાદ થવાની સંભાવના ઓ વ્યક્ત કરવામાં આવેલ છે. જેથી માછીમારોએ દરિયો ન ખેડવા તથા જાન માલનું નુકસાન ના થવા પામે તેની તકેદારી રાખવી તથા હાલ બંદર પર ૩ નંબરનું ભયદર્શાવતુ સિગ્નલ લગાડવામા આવેલ છે. જેની તમામને આથી જાણ કરવામાં આવી છે. કે તંત્રની સૂચનાઓનું બરાબર પાલન કરે ભારતીય હવામાન વિભાગ તરફથી પ્રાપ્ત થતાં બંદર ચેતવણી સંદેશ મુજબ જાફરાબાદ પોર્ટે સ્થાનિક માછીમારો ને સાવચેતી માટે સિગ્નલ ૩ નંબરનું લગાડવામાં આવ્યું છે.

### અમરેલી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શિંગ મઠડી | ૭૧૧ | ૮૬૫ |
| ૨ | ગીરનાર શીંગ | ૮૬૩ | ૮૬૩ |
| ૩ | શિંગ મોટી | ૬૪૨ | ૯૫૦ |
| ૪ | શિંગદાણા | ૭૫૦ | ૧૦૪૫ |
| ૫ | તલ સફેદ | ૯૪૦ | ૨૧૮૦ |
| ૬ | તલ કાળા | ૨૨૦૦ | ૪૧૬૨ |
| ૭ | તલ કાશ્મીરી | ૨૧૬૫ | ૨૩૫૧ |
| ૮ | બાજરો | ૩૩૦ | ૪૫૦ |
| ૯ | ઘઉં ટુકડા | ૪૩૨ | ૫૫૧ |
| ૧૦ | ઘઉં લોકવન | ૫૧૫ | ૫૩૫ |
| ૧૧ | મગ | ૧૨૦૦ | ૧૪૮૦ |
| ૧૨ | અડદ | ૯૧૫ | ૧૧૦૦ |
| ૧૩ | ચણા | ૮૦૦ | ૧૦૧૮ |
| ૧૪ | સફેદ ચણા | ૧૦૧૮ | ૧૦૧૮ |
| ૧૫ | કપાસ | ૭૭૦ | ૧૪૭૬ |
| ૧૬ | એરંડા | ૧૦૬૫ | ૧૧૮૦ |
| ૧૭ | મેથી | ૬૬૦ | ૭૫૦ |
| ૧૮ | સોયાબીન | ૭૦૦ | ૭૫૦ |
| ૧૯ | રજકાનું બી | ૫૦૦૦ | ૭૮૫૦ |

પાના ૧ ઉપરનું ચાલું **દીપડાનાં હુમલાથી ચકચાર**

મજુર પર દીપડાનો હુમલો થતા ખેત મજૂરો તેમજ ખેડૂતોમાં ભઈ નો માહોલ ઉભો થયો છે. ગઈ કાલના રોજ રાત્રી દરમિયાન કડાકા ભડાકા સાથે તેમજ પવનના સુસવાતા સાથે વરસાદ વર્ષી રહેલ હતો. ત્યારે વાડીમાં રહેતાં ખેત મજુર પોતાના ઝૂંપડામાં સુતા હતા. ત્યારે અચાનક બે દીપડા તેમના ખેતરમાં આંટા ફેરા મારતા હતા એટલામાં એક દીપડો તેમના ઘરમાં ઘુસી ગયો હતો અને કલ્પેશભાઈ પારગી જેવો વિઠ્ઠલભાઈ મધુભાઈ રાખોલીયાના ખેતરમાં મજૂરી કામ કરવા આવેલ હતા અને ત્યાંજ રહેતાં હતા તેવો સુતા હતા તે દરમિયાન અચાનક દીપડો તેના ઉપર હુમલો કરવા જતા તેમની નિંદર ખુલી જતા તેવો પોતાનો બચાવ કરવા રાડો નાખવા લાગતા દીપડાના નખ તેમના હાથ પર વાગતા તેવો સવારના સમય દરમિયાન બગસરા સિવિલમાં સારવાર લીધી હતી. સદ નસીબે કોઈ જાન હાની થયેલ નથી. અને આ બાબતની જાણ જંગલ ખાતા ને કરવામાં આવતા વન તંત્ર તત્કાલ ઘટના સ્થળે દોડી આવેલ હતા ત્યારે ખેડૂતના તેમજ ખેત મંજુરના કહેવા મુજબ અહીંયા બે દીપડા હોવાનું કહેતા દીપાડાને પકડવા તજવીજ હાથ ધરી હતી.

પાના ૮ ઉપરનું ચાલું **સામાન્ય ઓરડામાં રાત્રિ રોકાણ**

હાનિકારક ગણાતા કાર્બન ડાયોકસાઈડ કરતા પણ ૩૧૨ ગણો નુકસાનરૂપ છે.

તેમણે ખાસ આવનારી પેઢીના સ્વાસ્થ્ય માટે ગ્રામજનોને પ્રાકૃતિક કૃષિ અપનાવવાનો અનુરોધ કરતા જણાવ્યું હતું કે, ધરતી બિનઉપજાવ બની રહી છે, પર્યાવરણીય સમસ્યાઓ વકરી રહી છે, ત્યારે પ્રાકૃતિક કૃષિથી જ લોકોના સ્વાસ્થ્ય અને પ્રકૃતિનું રક્ષણ થઈ શકશે. આ સાથે તેમણે ગ્રામજનોને સાથે મળીને ગૌશાળા બનાવવા માટે પણ અનુરોધ કર્યો હતો.

રાજયપાલે પ્રાકૃતિક કૃષિને ઈ રીય વ્યવસ્થામાં સહયોગરૂપ ગણાવી હતી. ઉપરાંત રાજયપાલે પ્રતાપગઢ ગામને આદર્શરૂપ ગણાવતા કહ્યું કે, શહેરથી પણ વધુ રળિયામણું અને સ્વચ્છ ગામ છે. તેમણે આ ગામના અતિથિ બનવાને સૌભાગ્ય માન્યું હતું. તેમજ ગ્રામજનોને શુભ પ્રસંગે વૃક્ષ વાવવાની અપીલ કરી હતી.

વધુમાં રાજયપાલે પ્રતાપગઢ પ્રાથમિક શાળાની મુલાકાત કરીને સુવિધા અને વ્યવસ્થાઓથી વાકેફ થયા હતા. તેમજ બાળકો અને શિક્ષકો સાથે સંવાદ સાધ્યો હતો. ઉલ્લેખનીય છે કે, રાજયપાલ પ્રતાપગઢ પ્રામથમિક શાળાના સામાન્ય રૂમમાં રાત્રિ રોકાણ પણ કરશે.

આ તકે જિલ્લા કલેકટર વિકલ્પ ભારદ્વાજ, જિલ્લા વિકાસ અધિકારી પરિમલ પંડયા, આસિસ્ટન્ટ કલેકટર અતુલસિંઘ, જિલ્લા પોલીસ વડા સંજય ખરાત, પદ્મશ્રી સવજીભાઈ ધોળકિયા, જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના નિયામક જાડેજા, પ્રાંત અધિકારી બ્રહ્મભટ્ટ, સરપંચ રસિકભાઈ રામાણી, ઉપસરપંચ મુકેશભાઈ સેલડીયા સહિત સંબંધિત વિભાગના અધિકારીઓ અને મોટી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

### સાવરકુંડલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ જીણી | ૭૦૦ | ૮૫૧ |
| ૨ | તલ સફેદ | ૧૫૫૦ | ૧૯૦૫ |
| ૩ | તલ કાળા | – | ૪૦૧૫ |
| ૪ | કપાસ | ૧૦૦૦ | ૧૫૦૦ |
| ૫ | અડદ | – | ૧૨૦૫ |

### બગસરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૯૫૦ | ૧૫૫૯ |
| ૨ | ઘઉં લોકવન | ૪૭૦ | ૫૨૩ |
| ૩ | ઘઉં ટુકડા | ૪૯૦ | ૫૨૫ |
| ૪ | ચણા | ૭૦૦ | ૧૦૫૫ |
| ૫ | ચણા સફેદ | ૧૭૦૫ | ૧૭૨૫ |
| ૬ | તુવેર | ૭૮૦ | ૮૦૦ |
| ૭ | અડદ | ૯૪૦ | ૧૧૦૦ |
| ૮ | મગ | ૮૦૦ | ૧૪૭૪ |
| ૯ | સોયાબીન | ૭૬૫ | ૭૭૫ |
| ૧૦ | તલ સફેદ | ૧૪૫૦ | ૧૮૭૦ |
| ૧૧ | મગફળી | ૫૦૫ | ૮૧૧ |
| ૧૨ | શીંગફાડા | ૮૫૫ | ૯૯૯ |

પાના ૧ ઉપરનું ચાલું

**લાઠીનાં ચભાડિયા ગામે**

પુત્રી સાથે છેલ્લા ૪–૫ વર્ષથી પ્રેમ સંબંધ હોય તે વાતનું મનદુ:ખ રાખી આજે બપોરના સમયે આરોપી દુર્ગાબહેન તુલશીભાઈ માંડવીયાએ રવિભાઈને ધોકા વડે માર મારતાં યુવકના ભાઈ મનીષભાઈ રાજુભાઈ બાંહોંલીયા વચ્ચે પડતા આરોપી તુલસીભાઈએ મનીષભાઈને પકડી રાખતા છરીનો જીવલેણ ઘા મનીષભાઈના પેટમાં મારી દેતા મનીષભાઈનું મોત નિપજાવી દીધાની દામનગર પોલીસમાં રવિભાઈએ આરોપી દુર્ગાબહેન, તુલસીભાઈ સહિત ૩ સામે ફરિયાદ નોંધાવતા પોલીસે આરોપીને ઝડપી પાડવા ધોરણસર કાર્યવાહી હાથ ધરેલ છે. ત્યારે ખોબા જેવડા ગામમાં હત્યાના બનાવથી ભારે સનસનાટી મચી જવા પામેલ છે.


''અમરેલી એક્સપ્રેસ''

અમરેલી શહેરમાં આપને ''અમરેલી એક્સપ્રેસ'' દૈનિક અનિયમિત મળતું હોય તો તુરંત જ સંપર્ક કરો.

સુમીત ચંદારાણા મો. ૮૭૩૫૦ ૧૨૮૨૭


### બાબરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ શંકર નવો | ૧૦૫૦ | ૧૫૨૦ |
| ૨ | મગફળી | ૮૨૦ | ૮૭૦ |
| ૩ | જીરૂ | ૨૮૬૦ | ૩૪૦૦ |
| ૪ | ઘઉં | ૪૮૦ | ૫૦૦ |
| ૫ | અડદ | ૯૬૫ | ૧૧૭૫ |
| ૬ | મગ | ૧૧૧૫ | ૧૩૭૫ |
| ૭ | ચણા | ૯૭૦ | ૧૦૦૦ |


**જાહેર નોટિસ**

મોજે :– કુંકાવાવ મોટી ગામ, તા. કુંકાવાવ–વડિયા, જિ. અમરેલી

અમો **યોગેશભાઈ ડી.દવે,** (એડવોકેટ એન્ડ નોટરી) આથી આ જાહેર નોટિસ આપી જાહેર જનતાને જાણ કરીએ છીએ કે,

| ગામનું નામ | ખાતા નં. | રેવન્યુ સર્વે નં. | હે.આરે. ચો.મી. | આકાર રૂા. | ખાતેદારનું નામ |
|---|---|---|---|---|---|
| કુંકાવાવ મોટી, તા. કુંકાવાવ–વડિયા જિ. અમરેલી | ૨૬૦૫ | ૫૭૮/૧ પૈકી ૩ | ૦–૭૩–૮૬ | ૭.૬૯ | આકાશ રમેશભાઈ શીંગાળા રહે. નાની કુંકાવાવ |

ઉપરોકત કોલમ વાળી ખેતીની જમીન તેમની સંપૂર્ણ માલિકી, બિનબોજાની, બિન તકરારી તથા ન દાવા વાળી હોવાનું જણાવી અમારા અસીલશ્રીએ વેચાણ રાખવાનું નકિક કરેલ છે.

તો ઉપરોકત જમીન કે તેના કોઈપણ ભાગ, ઉપર કોઈપણ નાણાકીય સંસ્થા, બેંક, કંપની, પેઢી કે સંસ્થા કે કોઈપણ શખ્સનો કોઈપણ પ્રકારનો હકક, હિત, હિસ્સો, સંબંધ, લાગભાગ, ભાગીદારી, દાવો, બોજો, ગીરો લીયન, ચાર્જ હોય કે અન્ય હકક જેમ કે ઉપજ–નીપજ,/ ખેતી / ગણોત, લીઝ લાયસન્સ/કબજો ભોગવટો/બાનાખત કે રહેણાંકના કે વારસાઈ કે અન્ય કોઈપણ પ્રકારના હકક પોસાતા હોય તો જે તે સબંધકર્તા એ વાંધો–તકરારની જાણ આ નોટિસ પ્રસિધ્ધ થયેથી દિન–૧૫ (પંદર)માં દસ્તાવેજ પુરાવા સહિત લેખિતમાં રજીસ્ટર્ડ પોસ્ટથી નીચેના સરનામે અચુક જાણ કરવી જો તેમ કરવામાં નહી આવે તો સદર જમીન કે તેના કોઈ ભાગ પરત્વે અન્ય કોઈના કોઈ જ હકક, હિત, હિસ્સો, સબંધ, લાગ–ભાગ, ભાગીદારી, દાવો, બોજો, ગીરો લીયન, ચાર્જ નથી તેમ માનવામાં આવશે અને હોય તો તે તમામ રાજીખુશીથી જતો યાને (વેવ) કરેલ છે. તેમ સમજી અને અમારા અસીલ રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ કરાવી લેશ ત્યારબાદ કોઈની કોઈપણ પ્રકારની દાદ, ફરીયાદ કે વિવાદ ચાલશે નહી.

**તે અમારા અસીલની સુચનાથી**

**તારીખ : ૩૦/૦૯/૨૦૨૫**
**સ્થળ : કુંકાવાવ મોટી**
**રહે. કુંકાવાવ મોટી, શારદા ઝેરોક્ષ, શારદા શોપીંગ સેન્ટર, મુ. કુંકાવાવ મોટી, તા. વડીયા, જિ. અમરેલી.**
**મો. ૯૪૨૬૩ ૯૮૯૬૦**

**યોગેશ ડી.દવે**
(એડવોકેટ એન્ડ નોટરી)


પાના ૧ ઉપરનું ચાલું **સગીરનુ ભુખનાં કારણે મોત**

પણ લોકોને ભર પેટ ખાવાનું મળતું ના હોય. તે પણ એક આશ્ચર્યની વાત છે. આવો જ એક બનાવમાં બાબરા રહેતા ઘુઘરાળા ગામે એક ૧૬ વર્ષિય કિશોર અસ્થિર મગજના કારણે ભુખ્યો તરસ્યો રહેતો હોય જેના કારણે આ કિશોરનું મોત નિપજતા અરેરાટી ફેલાય જવા પામેલ છે.

આ બનાવમાં પોલીસ સૂત્રોમાંથી જાણવા મળતી વિગત મુજબ વડોદરા જિલ્લાના વતની અને હાલ બાબરા તાલુકાના ઘુઘરાળા ગામે વનરાજભાઈ લખુભાઈ મકવાણાની વાડીએ રહેતા અમીતભાઈ મન્નાભાઈ રાઠોડ નામના ૧૬ વર્ષિય કિશોર અસ્થિર મગજના હોય. તેના કારણે ભુખ્યો તરસ્યો રહેતો હોય જેના કારણે ગત તા. ૨૮ના રોજ બપોરના આશરે ત્રણેક વાગ્યે રાણપર ગામની સીમ કિશોરનું મોત નિપજતા અરેરાટી ફેલાય જવા પામેલ છે.

પાના ૮ ઉપરનું ચાલું **અમરેલીનાં એરપોર્ટનાં રન–વે ઉપરથી**

છુપાવવાના પ્રયાસ કરવામાં આવ્યો હોય તેમ અમરેલી ફાયર સહિતના અધિકારીઓને પણ આ ઘટના અંગે જાણ પાયલોટ ટ્રેનિંગ સેન્ટર દ્વારા કરવામાં આવેલ નથી. આ બનાવમાં માત્ર અમરેલી પ્રાંત અધિકારીને જાણ કરી દેવામાં આવ્યાનું જાણવા મળેલ છે. પરંતુ જિલ્લા વહીવટી અધિકારી દ્વારા આ ઘટના અંગે પુષ્ટિ આપવામાં આવેલ છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, થોડા સમય પહેલાં અમરેલીનું એક ટ્રેની પ્લેન અમરેલીના એરપોર્ટ નજીક જ ક્રેશ થયેલ જેમાં એક ટ્રેની પાયલોટનું મોત નિપજેલ હતું. ત્યારે થોડા દિવસના વિરામ બાદ ફરીથી આ પાયલોટ ટ્રેનિંગ માટેના ટચુકડા પ્લેન આકાશમાં ઉડી રહયા છે. જેને લઈ અમરેલી શહેર ઉપર આવા ટચુકડા પ્લેનની ઉડાઉડ બંધ કરવા અનેક રજૂઆતો કરવામાં આવી હોવા છતાં કોઈ પરિણામ આવેલ નથી. ત્યારે આજની ઘટના બાદ લોકોમાં આવા ટચુકડા પ્લેનની ભય વ્યાપી જવા પામેલ છે.

પાના ૮ ઉપરનું ચાલું **એમ્બરગ્રીસનો જથ્થો ઝડપાયો**

મહાવીર પ્રોવિઝન સ્ટોરની બાજુમાં રહેતા રવિ નરેશભાઈ ભાસ્કર નામના ઈસમને શંકાસ્પદ હાલતમાં મળી આવતા તેમની ઝડતી તપાસ દરમ્યાન તેમનાં કબજામાં વ્હેલ માછલીની ઉલ્ટી (એમ્બરગ્રીસ) નાના મોટા ૪૦ ઘન પદાર્થના ટુકડાઓ વજન ૨.૧૯૯ કિલો ગ્રામ કિમત રૂપિયા ૨,૧૯,૯૦,૦૦૦ (બે કરોડ ઓગણીસ લાખ નેવુ હજાર) તથા મોબાઈલ ફોન નંગ – ૧, કિમત રૂપિયા ૫૦૦૦ તથા એક મોટર સાઈકલ કિમત રૂપિયા ૩૦,૦૦૦ મળી કુલ રૂપિયા ૨,૨૦,૨૫,૦૦૦ નો મુદ્દામાલ મળી આવેલ, તેમની પુછપરછ કરતા પોતે આ વ્હેલ માછલીની ઉલ્ટી (એમ્બરગ્રીસ) નો જથ્થો ભાવનગર મુકામેથી બગસરા મુકામે વેચાણ કરવા અર્થે જતો હોવાનું જણાવેલ. આ મળી આવેલ વ્હેલ માછલીની ઉલ્ટી (એમ્બરગ્રીસ) નો જથ્થો રેન્જ ફોરેસ્ટ ઓફિસર તેમજ એફ.એસ.એલ. અધિ. દ્વારા પરીક્ષણ/તપાસ કરી કબ્જે કરવામાં આવેલ છે અને મજકુર ઈસમ વિરૂધ્ધ ધોરણસરની કાર્યવાહી કરવામાં આવેલ છે.


**જાહેર નોટિસ**

**ખેતીની જમીન વેચાણ અંગેની જાહેર નોટિસ**

આથી હું નીચે સહી કરનાર : **કિશોરકુમાર એમ. પાઠક, (એડવોકેટ–નોટરી)** રહે. મનુસ્મૃતી, કિકાણી પ્લોટ, ઉમીયા મંદીર રોડ, લીલીયા મોટા, તે મારા અસીલ ખેતીની જમીન ખરીદનાર:– **પરેશભાઈ પરશોત્તમભાઈ પટેલ, રહે. બ્લોક નં. એલ/૮૮, ''પિયુષ'', ગુજરાત હાઉસિંગ બોર્ડ, મહિલા કોલેજ સામે, કાલાવડ રોડ, રાજકોટ, ની** સુચના અને ફરમાઈશ મુજબ લાગતા વળગતાને જાણ કરવાની કે...

અમરેલી જિલ્લાના **લીલીયા તાલુકા**ના મોજે : **પાંચતલાવડા** ગામની નીચે મુજબની રેવન્યુ રેકર્ડની ખેતીની જમીન આવેલ છે. તે ખેતીની જમીન અમારા અસીલ રજી. વેચાણ દસ્તાવેજથી વેચાણ લેવા (ખરીદવા) માંગે છે. જે જમીનની વિગત નીચે મુજબ છે.

| ક્રમ | નામ/ધારણકર્તા | ખાતાનંબર | સર્વે નંબર | હે.આરે.ચો.મી. |
|---|---|---|---|---|
| ૧ | મેહુલભાઈ દિનેશભાઈ ઝાલાવાડીયા | ૯૮૫ | ૩૦ પૈકી ૨ | ૩–૭૨–૩૧ |

સબબ ઉપરોકત વિગત વર્ણન વાળી ખેતીની જમીન સંબંધે કે તેના કબ્જા સંબંધે કે કોઈપણ વ્યકિતનો કોઈપણ પ્રકારનો લાગ–ભાગ, હક્ક–હિસ્સો, બક્ષીસ, અગ્રહક્ક, વારસાઈ હક્ક કે લેણુ, ગીરો, બોજો કે ફાઈનાન્સ, સહકારી મંડળી, પ્રાઈવેટ ફાઈનાન્સ, કોઈપણ બેંક સરકારી સંસ્થા, કે કોઈપણ કરજ હોય તો અમોને ઉપર આપેલ સરનામે લેખીત આધાર પુરાવા સાથે દીન–૧૦ (દસ)માં જાણ કરવી, જો સમય મર્યાદામાં કોઈના વાંધા તકરાર કે દર દાવો નથી તેમ માનીને આપનો હક્ક જતો વેવ કરેલ છે. તેમ સમજી અમો પાક્કો રજીસ્ટર વેંચાણ દસ્તાવેજ ઉપર આપેલ વ્યકિત પાસેથી ઉપર આપેલ અમારા અસીલના નામે કરાવી આપીશું. ત્યારબાદ જો કોઈના વાંધા તકરાર અમારા અસીલના હક્ક, હીત, હીસ્સાને બંધનકર્તા રહેશે નહી. જેની આથી લાગતા વળગતાઓએ તથા જાહેર જનતાએ નોંધ લેવી.

**તે અમારા અસીલની સ્પષ્ટ સુચનાથી**
**પરેશભાઈ પરશોત્તમભાઈ પટેલ**

**તારીખ : ૨૯/૦૯/૨૦૨૫**
**રહે. મનુસ્મૃતી, કિકાણી પ્લોટ, ઉમીયા મંદિર રોડ, લીલીયા મોટા,**
**મો. ૯૪૨૭૪ ૨૯૫૯૦**

**કિશોરકુમાર એમ.પાઠક**
(એડવોકેટ એન્ડ નોટરી)

## સ્વ. નંદલાલભાઈ પોપટ અને લત્તાબેન નંદલાલભાઈ પોપટની દિવ્યપ્રેરણાથી

# બાબરા ખાતે હસુભાઈ પોપટ પરિવાર દ્વારા ૫૦૦ થી વધુ બાળાઓનું પૂજન અને લ્હાણી અર્પણ

અમરાપરા વિસ્તારની પ્રાચીન શેરી ગરબીઓની બાળાઓને લ્હાણી આપવામાં આવી

છેલ્લા ૪ વર્ષથી જિલ્લામાં એક જ સ્થળે ૫૦૦ થી વધુ બાળાઓને લ્હાણી વિતરણ થાય છે

પૂ.ઘનશ્યામદાસબાપુની ઉપસ્થિતિમાં બાળાઓને લ્હાણી વિતરણ કાર્યક્રમમાં સામાજીક આગેવાનો પણ ઉપસ્થિત રહ્યાં

અમરેલી એક્સપ્રેસનાં તંત્રી તેમજ ભાજપ પરિવાર, રઘુવંશી પરિવારના આગેવાનો પણ ઉપસ્થિત રહ્યાં



તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

નવરાત્રીના પાવન પર્વ પર પૂજય મહંત શ્રી ઘનશ્યામદાસબાપુની પાવમ ઉપસ્થિતીમાં બાબરા અને અમરાપરા વિસ્તારની પ્રાચીન શેરી ગરબીઓની ૫૦૦ થી વધુ બાળાઓનું પૂજન અર્ચન કરી લ્હાણ અર્પણ કરવામાં આવી. અમરેલી એકસપ્રેસના તંત્રી મનોજભાઈ રૂપારેલ સહિત શહેર અને તાલુકાના સાંમાજિક રાજકીય અગ્રણીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા. બાબરાના જાણીતા જીનીગ ઉધોગપતિ સ્વર્ગસ્થ નંદલાલભાઈ વાલજીભાઈ પોપટ અને લતાબેન નંદલાલભાઈ પોપટની આજીવન દિવ્ય પ્રેરણા મળતા છેલ્લા ચાર વર્ષથી આસોસુદ નવરાત્રિમાં ખાદી મિત્ર મંડળ નિમિત્ત બની બાળાઓને લ્હાણી અર્પણ કરે છે. જેમાં બાબરા અને અમરાપર વિશ્વાસ પ્રાચીન શેરી રાસગરબી રમતી બાળાઓનું એક પખવાડિયા અગાવ રજિસ્ટ્રેશન કરવામાં આવે છે અને ત્યારબાદ લ્હાણી વિતરણ કાર્યક્રમમાં બોલવામાં આવે છે. આ વર્ષે પણ રાબેતા મુજબ આસો નવરાત્રીમાં ગત રવિવારે અને સાતમા નોરતે ખાદી મિત્ર મંડળ દ્વારા બાળાઓને લ્હાણી વિતરણ કાર્યક્રમ યોજાયો હતો જેમાં બાબરા શહેર તેમજ અમરાપરા વિસ્તારની પ્રાચીન શેરી ગરબીઓની બાળાઓને લ્હાણી અર્પણ કરવામાં આવી હતી. અહીં સવાર દસ કલાકેમાં તમામ બાળાઓનું હસુભાઈ પોપટ પરિવાર દ્વારા પૂજન અર્ચન કરવામાં આવ્યું હતું તેમજ તમામ બાળાઓને એકજ પંગતમાં બેસાડી મહાપ્રસાદનો લાભ મેળવ્યો હતો અને ત્યારબાદ પૂજય ઘનશ્યામદાસ બાપુ, અમરેલી એકસપ્રેસના તંત્રી મનોજભાઈ રૂપારેલ સહિત ઉપસ્થિત તમામ મહાનુભાવોના હસ્તે બાળાઓને લ્હાણી અર્પણ કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં જિલ્લા ભાજપના મહામંત્રી ભુપેન્દ્રભાઈ બસિયા, નગરપાલિકા પ્રમુખ પ્રવીણભાઈ કરકર, ઉપપ્રમુખ અકુરભાઈ જસાણી, કારોબારી સમિતિના ચેરમેન અશ્વિનભાઈ મકવાણા, કાકુભાઈ ચાંવ, લલીતભાઈ આંબલિયા, પત્રકાર રાજુભાઈ બસિયા, શોકતભાઈ, ગાંગાણી, અકબરભાઈ ગાંગાણી, અજિતભાઈ ખોખરીયા, નરૂભાઈ ત્રિવેદી, મુકેશભાઈ ખોખરીયા, તેજસભાઈ કારીયા, રિશીભાઈ રૂપારેલીયા, યોગેશભાઈ દસલાણીયા, સુરેશભાઈ પોપટ, ભરતભાઈ ભારડીયા, નાગરિક બેન્ક મેનેજર પ્રફુલભાઈ જસાણી, દીપકભાઈ સેદાની, ભરતભાઈ પોપટ, ગુણાભાઈ દસલાનિયા, મનુભાઈ સૂચક, કાનજીભાઈ વાવડીયા, સમસુદીનભાઈ ગાંગાણી, અમરશીભાઈ દશલાણીયા, ધીરૂભાઈ દસલાણીયા, સહિતના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

### જિલ્લા રઘુવીર સેના દ્વારા આયોજન

## અમરેલી ખાતે પવિત્ર દશેરાનાં દિવસે શસ્ત્ર પુજન કાર્યક્રમ યોજાશે

### સમગ્ર જિલ્લામાંથી પધારી રઘુવંશીઓ શસ્ત્ર પુજન કરશે

અમરેલી, તા. ૨૯

અમરેલી જિલ્લા રઘુવીર સેના દ્વારા સમસ્ત અમરેલી જિલ્લા રઘુવંશી સમાજ માટે અંબાબેન નરસિંહદાસ સોઢા લોહાણા મહાજન વાડીમાં અમરેલી માતા. ૨/૧૦/૨૦૨૫ ગુરૂવાર દશેરાના શુભ દિવસે બપોરના બે કલાકે જિલ્લા ભરના રઘુવંશી સમાજના લોકો ભેગા થઈ પોતાના શસ્ત્રોનું જયશ્રી રામ ના જય ઘોષ સાથે શાસ્ત્રોકવિધિથી વિદ્વાન ગોર દાદા દ્વારા વિધિવત પૂજન કરાવશે. અમરેલી જિલ્લા રઘુવીર સેના દ્વારા તાલુકા અને શહેરના રઘુવંશી સમાજને નિમંત્રણો પાઠવવામાં આવી રહ્યા છે. દશેરાના



શુભ દિવસે શસ્ત્ર પૂજન માટે અમરેલી શહેર અને જિલ્લાભરમાંથી મોટી સંખ્યામાં રઘુવંશી ઓ ઉમટી પડશે એવી શકયતા સેવાઈ રહી છે. તેમ જિલ્લા રઘુવીર સેનાની કાર્યલયની યાદીમાં જણાવેલ છે.

## ચલાલા : શ્રી સૌરાષ્ટ્ર સમાજ સેવા ટ્રસ્ટ ચોથો સમુહ લગ્ન ઉત્સવ યોજાશે

ચલાલા, તા, ૨૯

પવિત્ર દાનેવધામ ચલાલામાં આગામી દિવસોમાં સંત દાસી જીવન અને સંત સવૈયાનાથના શુભ આશિષથી શ્રી સૌરાષ્ટ્ર સમાજ સેવા ટ્રસ્ટ સાવરકુંડલા દ્વારા ચોથો સમૂહ લગ્નનું ભવ્ય આયોજન કરવામાં આવેલ છે. આ સમૂહ લગ્નમાં ૨૧ લગ્નની નોંધણી કરવામાં આવનાર છે. આ સમૂહ લગ્નમાં જોડાનાર દંપતિઓને જીવન જરૂરિયાતની તમામ વસ્તુઓ દાતાઓ તરફથી ભેટ આપવામાં આવનાર છે.

આ સમૂહ લગ્નમાં નામ નોંધાવવા માટે તારીખ. ૧/૧૦/૨૦૨૫ થી લગ્ન નોંધણી ફોર્મનું વિતરણ કરવામાં આવશે. ફોર્મ સ્વીકારવાની છેલ્લી તારીખ. ૩૧/૧૦/૨૦૨૫ સુધી ની રહેશે. ફોર્મ સ્વીકારવાની તારીખ પૂરી થયે કોઈ પણનું ફોર્મ સ્વીકારવામાં આવશે નહીં. આ સમૂહ લગ્નની વધુ જાણકારી મેળવવા માટે મુખ્ય સંચાલક પ્રાગજીભાઈ જીવણભાઈ રાઠોડ ચલાલા મોબાઈલ નંબર. ૭૮૭૪૯ ૮૪૬૬૦ પર સંપર્ક કરવા જણાવવામાં આવેલ છે.

## માતા દુર્ગાનું આઠમું સ્વરૂપ–મહા ગૌરી

અમરેલી, તા. ૨૯

માતા દુર્ગાનું આઠમું સ્વરૂપ મહાગૌરીનું છે. તેમની પૂજા કરવાથી ગ્રહદોષ અને પૂજન કરવાથી વેપાર વિધિપૂર્વક ચાલે છે. તેમનું સ્મરણ અને પૂજન કરવાથી વેપાર, દામ્પત્ય જીવન, સુખ, સમૃધ્ધિ, ધન વગેરેમાં વધારો થાય છે. જે લોકોને અભિનય વગેરે ક્ષેત્રમાં આગળ વધવું છે, તેમને દેવીની પૂજાથી વિશેષ સફળતા મળે છે. એવું માનવામાં આવે છે કે તેમની પૂજાથી ત્વચા સંબંધી રોગોનું નિવારણ થઈ જાય છે. નવરાત્રીના આઠમા દિવસે દેવી મહાગૌરીના પૂજનમાં ચમેલી અને કેસરના ફૂલ માતાને ચઢાવો. પોતાના શ્વેત વર્ણને કારણે તેમની તુલના સંઘ ચંદ્રમાં અને ચંદ્રના શ્વેત પુષ્પ સાથે કરવામાં આવે છે. તેઓ શ્વેત વસ્ત્ર ધારણ કરે છે. એવું માનવામાં આવે છે કે તેઓ રાહુ ગ્રહનું સંચાલન કરે છે.

દિપ્તિબેન પી. રાવલ
આમ્રપાલી સોસાયટી, આંબેશ્વર મંદિર પાસે, પોરબંદર રોડ
ઉપલેટા–જિ. રાજકોટ

## કોટડાપીઠા ખાતે શકિતપર્વની આસ્થાપૂર્વક ઉજવણી

કોટડાપીઠા, તા. ૨૯

બાબરા તાલુકાનાં કોટડાપીઠા ગામે જય અંબે ગરબી મંડળ, આંબલી ચોક ગરબી મંડળ, ભગવતી મંદિર તેમજ જય સરદાર ચોક ગરબી મંડળો તેમજ અન્ય ગરબી મંડળો દ્વારા માતાજીનાં નવલા નોરતામાં માતાજીના પ્રાચીન ગરબા તેમાંય ખાસ મુખ્ય રામજી મંદિર ચોક ખાતે આવેલ જય અંબે ગરબી મંડળમાં, યુવાનો, બાળકો, વૃધ્ધો દ્વારા પ્રાચીન ગરબાની રમઝટ બોલાવે છે. તેમજ જુદા–જુદા ગરબી મંડળોમાં બાળાઓ દ્વારા વિવિધ રાસ–ગરબા પ્રસ્તૃત કરવામાં આવે છે. તેમજ પક્ષીઓની ચણ માટે ધાર્મિક નાટકો તેમજ આખ્યાનો મંડળો દ્વારા રજુ



તસ્વીર : ભરત મહેતા–કોટડાપીઠા

કરવામાં આમ માતાજીનાં નવલા નોરતામાં રાસ, ધાર્મિકતાઓ સાસંસ્કૃતિ કાર્યક્રમો રજુ કરી જે નીહાળવા આવતા શ્રધ્ધાળુઓને મંત્રમુગ્ધ કરે છે.

## વાંકિયા : પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ખાતે મેગા નેત્રનિદાન કેમ્પ યોજાયો

અમરેલી, તા. ૨૯

અમરેલી તાલુકા હેલ્થ ઓફિસર ડો. આર.કે. જાટના માર્ગદર્શન હેઠળ પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર વાંકીયા ખાતે તા. ૨૩/૯/૨૫ના રોજ પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર વાંકીયા તથા નેત્રાલયના સંયુકત ઉપક્રમે તથા દાતા બાબુભાઈ રામજીભાઈ પેથાણીના સ્મરણાર્થે હસ્તે અશ્વીનભાઈ પેથાણી અને સેવા સંગઠન વિકાસ મંડળ વાંકીયાના સહયોગથી મેગા નેત્રનિદાન કેમ્પ યોજાયો હતો.

જેમાં ૧૭૧ લાભાર્થીઓએ આંખની તપાસ કરાવેલ હતી. ૮૧ લાભાર્થીઓનાં આંખના નંબર શોધી કાઢવામાં આપેલ હતા. ૩૪ લાભાર્થીઓએ ચશ્મા તેમજ ૧૨ લાભાર્થીઓને મોતિયો શોધી કાઢેલ હતો. જે પૈકી તમામને નીઃશુલ્ક મોતીયા ઓપરેશન માટે હોસ્પિટલ ખાતેથી સારવાર આપવામાં આવેલ હતી.

# રેશમની દોરીથી આત્મનિર્ભરતા તરફ : અમરેલીની લક્ષ્મીબેન વાઘેલાની સફળતા કથા



અમરેલીના વિઠ્ઠલપુર ગામે વસવાટ કરતી લક્ષ્મીબેન વાઘેલા આજે ગ્રામ્ય સ્ત્રી સશકિતકરણનું જીવંત પ્રતિક બની છે. નાની શરૂઆત કરીને મોટા સપના સાકાર કરનાર લક્ષ્મીબેન આજે ''લખપતિ દીદી'' તરીકે ઓળખાય છે. માત્ર ૧૦૦૦ રૂપિયાના રોકાણથી શરૂ કરેલો નાનો વ્યવસાય આજે તેમને દર મહિને આશરે ૮૦,૦૦૦ રૂપિયાની આવક આપતો બન્યો છે. લક્ષ્મીબેન ઘરમાં બેઠા બેઠા રેશમની દોરીથી ગૃહશુશોભનની આકર્ષક વસ્તુઓ બનાવે છે. તેઓ ખાસ કરીને ઝુલા, ઝૂમર, તોરણ અને તોડલિયા જેવી વસ્તુઓ ડિઝાઈન કરે છે, જે ઘર કે દુકાનની સુંદરતા વધારવામાં મદદરૂપ થાય છે. તેમના હાથની કલાએ ગામથી લઈને શહેર સુધીના લોકોનું દિલ જીતી લીધું છે. ગુજરાત ઉપરાંત મહારાષ્ટ્રના બજારમાં પણ તેમની વસ્તુઓની સારી માંગ છે. લક્ષ્મીબેન જણાવે છે કે શરૂઆતના દિવસોમાં તેમને નવા વ્યવસાયની સમજ નહોતી, પરંતુ ''એસબીઆઈ બેન્ક ગ્રામીણ સ્વરોજગાર તાલીમ કેન્દ્ર''માં ૧૫ દિવસનું તાલીમ લઈને તેમને આત્મવિાસ મળ્યો. તાલીમ દરમ્યાન કાચામાલ ખરીદી, બનાવટની પદ્ધતિ, માર્કેટિંગ અને વેચાણની રીતો શીખ્યા બાદ તેમણે વ્યવસાયની શરૂઆત કરી. ધીમેધીમે તેમના ઉત્પાદનોને ઓળખ મળી અને આજે તેઓ પોતાના પરિવાર સાથે સાથે ગામની અન્ય મહિલાઓ માટે પણ પ્રેરણાસ્ત્રોત બન્યા છે. મહિલા સશકિતકરણની દિશામાં લક્ષ્મીબેનનું યોગદાન મહવનું છે. ઘરઆંગણે રહીને તેમણે સાબિત કર્યું કે હિંમત, કુશળતા અને નિષ્ઠા હોય તો આર્થિક રીતે સ્વાવલંબી બનવું મુશ્કેલ નથી. ગામડાની મહિલાઓ માટે તેમની કથા સંદેશ આપે છે કે પરંપરાગત ઘરકામની સાથે સાથે જો થોડું જુદું કરવા હિંમત કરીએ, તો સફળતા દૂર નથી. લક્ષ્મીબેન વાઘેલા આજે માત્ર પોતાની આવક જ નહીં, પરંતુ આત્મવિાસ અને સન્માન પણ કમાઈ રહ્યા છે. તેમના પ્રયત્નોથી સાબિત થાય છે કે ગ્રામ્ય સ્ત્રીઓ જો તક અને માર્ગદર્શન મેળવે, તો તેઓ પણ આત્મનિર્ભરતા તરફ આગળ વધી ''લખપતિ દીદી'' બની શકે છે.

હવે... બદલાશે સારવારની પરીભાષા
(ગોળ હોસ્પિટલ)
તમારૂ આરોગ્ય અમારી જવાબદારી
ડો.કૃણાલ ઠકરાર
(M.S.- Otho)
24/7 Emergency Services
મેડિક્લેઈમ સુવિધા તથા GSRTC (ST) માન્ય હોસ્પિટલ
PM-JAY તથા PGVCL કર્મચારીઓ માટે
મફત સારવાર
ડો.નીત ચોટાઈ
DrNB (Urologist)
કીડની-પથરી-પ્રોસ્ટેટનાં રોગોના નિષ્ણાંત
NETRA CHIKITSA TRUST
MULTISPECIALITY HOSPITAL
Managed by Netra Chikitsa Trust - Amreli
નેત્ર ચિકિત્સા ટ્રસ્ટ મલ્ટિસ્પેશિયાલીટી હોસ્પિટલ
ગોળ હોસ્પિટલ કેમ્પસ, ચિતલ રોડ, અમરેલી-૩૬૫૬૦૧ ગુજરાત.ફોન : (૦૨૭૯૨) ૨૨૦૯૨૦/૨૩૩૯૯૯
એપોઈન્ટમેન્ટ માટે 99789 66629

### એસપીની સુચનાથી એસઓજીનો સપાટો

# અમરેલીનાં વરસડાનાં બસ સ્ટેન્ડ નજીક વ્હેલ માછલીની એમ્બરગ્રીસનો જથ્થો ઝડપાયો

## રૂપિયા ૨ કરોડ ઉપરાંતનાં જથ્થા સાથે આરોપીની અટકાયત



અમરેલી, તા. ૨૯

વ્હેલ માછલીની ઉલ્ટી (એમ્બરગ્રીસ) વજન ૨.૧૯૯ કિલોગ્રામ કિમત રૂપિયા ૨,૧૯,૯૦,૦૦૦/– (બે કરોડ ઓગણીસ લાખ નેવુ હજાર) ના મુદ્દામાલ સાથે એક ઈસમને અમરેલી એસ.ઓ.જી.ટીમ પકડી પાડી ધોરણસર કાર્યવાહી હાથ ધરેલ છે.

આ બનાવમાં અમરેલી પોલીસ અધિક્ષક સંજય ખરાતએ જંગલ વિસ્તારમાં વન્યપ્રાણી સંરક્ષણ અધિનિયમની અનુસુચિમાં સંરક્ષીત જીવોના અવશેષોના વેચાણ, સંગ્રહ અને હેરફેરની ગેરકાયદેસર પ્રવૃત્તિ કરતા ઈસમો ઉપર વોચ ગોઠવી આરોપીઓને પકડી પાડી, કાયદેસરની કાર્યવાહી કરવા સૂચના અને આપેલ હોય, જે અન્વયે એસ.ઓ.જી.પોલીસ ઈન્સ્પે. આર.ડી. ચૌધરી તથા એસ.ઓ.જી. ટીમ અમરેલી તાલુકાના વિસ્તારમાં પેટ્રોલીંગમાં હોય જે દરમ્યાન અમરેલી તાલુકાના વરસડા ગામે આવેલ બસ સ્ટેન્ડ પાસે ભાવનગર ગામે વણકરવાસમાં આવેલ દિપક ચોક,

અનુસંધાન પાના ૬ ઉપર

### ગીર વિસ્તારમાં ૪ ઈંચ જેટલા વરસાદથી નદીઓ ગાંડીતુર

# અમરેલી જિલ્લાનો સૌથી ઉંચો ખોડિયાર જળાશય ઓવરફ્લો થતાં ૩ દરવાજા દોઢ–દોઢ ફુટ ખોલાયા

## શેત્રુંજી નદીમાં પાણી છોડાતા નિચાણવાળા ગામોને સાવચેત કરાયા



અમરેલી, તા. ૨૯, અમરેલી જિલ્લા સહિત સમગ્ર સૌરાષ્ટ્રનાં સૌથી વધુ ઉંચાઈ ધરાવતાં ખોડિયાર જળાશયમાં ગીર વિસ્તારમાં ૪ ઈંચ જેટલો અનરાધાર વરસાદ વરસતા નવા નીરની ભરપુર આવક થતાં જળાશયનાં ૩ દરવાજા દોઢ–દોઢ ફુટ ખોલીને શેત્રુજી નદીમાં પાણી છોડાતા પાણીનો ઘસમસતા પ્રવાહ અનેક ગામોનાં વિસ્તારમાંથી શેત્રુજી જળાશય સુધી પહોંચતો થયો હતો.

### અગાઉ દુર્ઘટનામાં એક પાયલોટનાં મોતની ઘટના બન્યા બાદ પુનઃ દુર્ઘટના ઘટી

# અમરેલીનાં એરપોર્ટનાં રન–વે ઉપરથી તાલિમી ટચુકડું વિમાન સાઈડ ઉપર ઉતરી ગયું : સદ્નસીબે જાનહાની ટળી

## સમગ્ર પંથકની ૨ લાખની જનતાં પાયલોટ ટ્રેનિંગથી પરેશાન છતાં શાસકોને કોઈ ચિંતા જ નથી

અમરેલી, તા. ૨૯

અમરેલીમાં પાયલોટ માટેની ટ્રેનિંગ સ્કૂલ શરૂ થઈ છે. ત્યારથી ટચુકડા પ્લેન અમરેલી શહેર ઉપર ઉડતા રહે છે જેને લઈ સમગ્ર પંથકની જનતા આ પ્લેન ક્રેશ થવાના ભય નીચે જીવી રહયા છે. અમરેલી શહેર ઉપર આવા ટચુકડા પ્લેનની ઉડાઉડ બંધ કરવા શહેરીજનો દ્વારા અનેક રજૂઆતો કરવામાં આવી હોવા છતાં કોઈ પરિણામ આવેલ નથી. ત્યારે એક ટચુકડું પ્લેન રન વે ઉપરથી સ્લીપ થઈ જતાં સાઈડમાં ઉતરી ગયું હતું.

અમરેલીના જુના માર્કેટયાર્ડમાં
દુકાન વેચવાની છે...
અમરેલીના જુના માર્કેટયાર્ડમાં 'કળશ મોલ' ની બાજુમાં આવેલ મોકાની દુકાન વેચવાની છે.
:: સંપર્ક કરો ::
મો. ૭૮૭૪૩ ૯૩૪૮૪

૨૨ કેરેટ હોલમાર્ક દાગીના નો ભાવ
1,04,200/-
(૧૦ ગ્રામ)
રહેલ તા.૨૯/૦૯/૨૦૨૫ ના રોજ
હોલમાર્ક દાગીનાનો ભાવ જાણવા માટે વોટ્સઅપ ડીપી જોવો
63549 73131
બાલમુકુંદ જ્વેલર્સ પ્રા.લી.
એ-૧૯, ઈન્દીરા માર્કેટ, અમરેલી,
કસ્ટમર કેર નંબર : ૬૩૫૨૪ ૩૧૩૬૬



જેને લઈ ગંભીર દુર્ઘટના સર્જાતા સહજમાં અટકી જવા પામેલ છે. જો કે કોઈ જાનહાનિ ન થતા હાશકારો થવા પામેલ છે. જયારે આ બનવાનો વીડિયો પણ વાયરલ થઈ જવા પામેલ છે.

આ બનાવમાં જાણવા મળતી વિગત મુજબ અમરેલીના ચિતલ રોડ ઉપર આવેલ એરપોર્ટ ઉપર છેલ્લા ઘણાં જ સમયથી પાયલોટ માટેની ટ્રેનિંગ ચાલે છે. અનેક રાજય તથા રાજય બહારના અનેક ટ્રેની પાયલોટ માટેની અહીંયા ટ્રેનિંગ લઈ રહયા છે. પરિણામે અમરેલીના આકાશમાં સતત ટ્રેનિંગ માટેના ટચુકડા પ્લેન વ્હેલી સવારથી મોડી સાંજ સુધી ઉડાઉડ કરી રહયા છે. ત્યારે આજે અમરેલીમાં વરસાદી વાતાવરણ હોય ત્યારે કોઈ કારણોસર બપોર સમયે એક ટચુકડું પ્લેન લેન્ડિંગ કરતાં સમયે રન વે ઉપરથી સ્લીપ થઈ જતાં રન વે ઉપરથી સાઈડમાં ઉતરી ગયું હતું. જેને લઈ ટચુકડા પ્લેનમાં નુકશાન થયાનું પણ જાણવા મળેલ છે. જો કે ગંભીર દુર્ઘટના સર્જાતા સહજમાં અટકી જવા પામેલ છે. જો કે કોઈ જાનહાનિ ન થતા હાશકારો થવા પામેલ છે.

જો કે આ બનાવ બાદ પણ પાયલોટ ટ્રેનિંગ સેન્ટર દ્વારા ઘટના

અનુસંધાન પાના ૬ ઉપર

### રાજયપાલ આચાર્ય દેવવ્રતજીનું

# લાઠી તાલુકાના પ્રતાપગઢ ગામે પ્રાથમિક શાળાના સામાન્ય ઓરડામાં રાત્રિ રોકાણ

## ગામના ચોકમાં સહજ રીતે ગ્રામજનોને પ્રેરક સંબોધન કર્યુ



અમરેલી, તા. ૨૯

રાજયપાલ આચાર્ય દેવવ્રતજીએ લાઠી તાલુકાના પ્રતાપગઢ ગામની મુલાકાત દરમિયાન "એક પેડ માં કે નામ" અંતર્ગત વૃક્ષારોપણ કરવાની સાથે ગામના ચોક–ચોરાહેથી સહજ રીતે સંબોધન કર્યુ હતું.

રાજયપાલને પ્રતાપગઢ ગામના અગ્રણીઓ, ગ્રામજનો અને બહેનોએ ઉમળકાભેર આવકાર્યા હતા. રાજયપાલએ પણ સૌનું અભિવાદન ઝીલ્યું હતું.

રાજયપાલએ પ્રતાપગઢ ગામના મુખ્ય ચોક ખાતેથી ગ્રામજનોને સંબોધિત કરતા જણાવ્યું હતું કે, પ્રાકૃતિક ખેતીથી લોકોના સ્વાસ્થ્યને બચાવવું એ પુણ્યનું કામ છે. ખેતીમાં રાસાયણિક ખાતર અને જંતુનાશક દવાઓના અતિરેકભર્યા ઉપયોગથી લોકોના સ્વાસ્થ્યને ગંભીર અસરો થઈ રહી છે. કેન્સર, ડાયાબિટીસ વગેરે બીમારીઓનું પ્રમાણ વધ્યું છે.

તેમણે જણાવ્યું હતું કે, રાસાયણિક ખેતીથી વાતાવરણ પણ દૂષિત થઈ રહ્યું છે, યુરિયામાં નાઈટ્રોજન હોય છે, જે હવાના ઓકિસજન સાથે મળીને પર્યાવરણ માટે ખૂબ જ હાનિકારક એવો નાઈટ્રસ ઓક્સાઈડ ગેસ બનાવે છે. જે પર્યાવરણ માટે ખૂબ

અનુસંધાન પાના ૬ ઉપર

Life's Good.
99.9%*
Allergen free with Steam™ Technology
LG Front Load Washing Machine
LG
FIXED EMI ₹1999*
CASHBAK UP TO 20%
10 YEARS WARRANTY ON MOTOR
LG BEST SHOP મુકુંદરાય એન્ડ બ્રધર્સ
કારકેર સેન્ટર સામે, ચકકરગઢ રોડ, અમરેલી
Mo.94081 59606 / 99747 72377
VISIT LG BEST SHOP FOR ATTRACTIVE CASH BACK

ન ભૂતો.... ન ભવિષ્યતિ...
ટુ વ્હીલર બેટરી ધમાકા ઓફર
નવરાત્રિ ધમાકા ઓફર
ટુ વ્હીલર વાહન માલિકો માટે આનંદના ખબર
દરેક ટુ વ્હીલર સેલ્ફ સ્ટાર્ટ વાહનો માટેની બેટરી
Lucas
PD POWER
4 LB માત્ર રૂા.૮૦૦/- મા૪
5 LB માત્ર રૂા.૧૦૦૦/- મા૪
4 LB માત્ર રૂા.૭૦૦/- મા૪
5 LB માત્ર રૂા.૯૦૦/- મા૪
નોંધ : આ ભાવ માત્ર જુની બેટરી પરત કરવાના છે.
દરેક ટુ વ્હીલરની બેટરી હાજર સ્ટોકમાં મળશે.
આ સાથે ૪૮ મહિનાની વોરંટી તો ખરીજ..
અમરેલી જિલ્લાના ડિસ્ટ્રીબ્યુટર
94269 38161 (Since 1995) 76986 55398
જય શ્રી ચામુંડા બેટરી હાઉસ
મેઈન બ્રાંચ: રેલ્વે સ્ટેશન રોડ, ગોપી ટોકીસની બાજુમાં, અમરેલી
બ્રાંચ: લાઠી રોડ, બાયપાસ ચોકડી, અમરેલી

Sheetal ICE CREAM
WE ARE HIRING
JOIN INDIA'S MOST TRUSTED FMCG BRAND
• સેલ્સ કો-ઓર્ડિનેટર-2
• કૂલ પાર્લર મેનેજર - 1
• કેશિયર - 1
• બિઝનેસ ડેવલપમેન્ટ મેનેજર - 1 (મિલ્ક ડિવિઝન)
• નાઈટ બિલિંગ એક્ઝિક્યુટિવ - 1
• સેલ્સ અને માર્કેટિંગ ઓફિસર - 2
• રીપોર્ટીંગ મેનેજર - 1
• ટ્રેનર - 1
Location :
શીતલ કુલ પ્રોડક્ટ્સ લિમિટેડ
પ્લોટ નં. ૭૫ થી ૮૧, જી.આઈ.ડી.સી. એસ્ટેટ, અમરેલી-૩૬૫૬૦૧, ગુજરાત.
hrscpl1987@gmail.com
+91 95109 59957
APPLY NOW

*પીઆરબી એક્ટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI..(Gujarat)